



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૬    અંક : ૬૨    જૂન-૨૦૧૨**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | પ. પૂ. મોટા મહારાજશ્રીના ૬૯માં જન્મોત્સવ પ્રસંગે તેઓશ્રીનું આશીર્વચન (સીડની-ઓસ્ટ્રેલીયા) | ૪ |
| ૪. | "કૌશલ્ય શિબિર" - વિસનગર | ૭ |
| ૫. | દીકરા આપે જેતલપુરના બળદેવજી બાપા | ૮ |
| ૬. | મ્યુઝિયમના દ્વારેથી | ૯ |
| ૭. | ધ્યાનનું વ્યાયામ | ૧૧ |
| ૮. | "સત્સંગિ જીવનનું સાત્વિક જ્ઞાન" | ૧૨ |
| ૯. | સત્સંગ બાલવાટિકા | ૧૩ |
| ૧૦. | આનંદની હેલી | ૧૬ |
| ૧૧. | ભક્તિસુધા | ૧૭ |
| ૧૨. | પ્રશ્નપેટી | ૨૦ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૧ |

# ॥ અસ્મદીયમ્ ॥

આજથી ૨૫ વર્ષ પહેલા અમેરિકામાં સૌ પ્રથમશ્રી નરનારાયણદેવ દેશ અંતર્ગત ઈન્ટરનેશનલ શ્રી સ્વામિનારાયણ ઓર્ગેનાઈઝેશન સંસ્થાનું ન્યુજર્સી સ્ટેટમાં વિહોકનમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થયુ અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી ષોડશોપચારપૂર્વક ધામધૂમથી સંપન્ન થઈ. જે એક ભવ્ય ઈતિહાસ અને સંપ્રદાય માટે સંભારણું બની ગયું ! ભગવાનને અહીં બિરાજવાનું નક્કી થયેલું હોય તો જ આ બધું શક્ય બને. આ મંદિર આપણા સંપ્રદાય અને I.S.S.O. માટે ઐતિહાસિક ઘટના છે તેમન્યુજર્સી સ્ટેટ માટે આ મંદિરના બિલ્ડીંગ ને ત્યાંની કાઉન્સીલે 'હેરિટેજ'ના સ્થાનમાં તેનો સમાવેશ કર્યો છે જે આપણા માટે ખૂબજ ગૌરવશાળી બાબત ગણાય. ન્યુજર્સી મંદિર એવા શુભ મુહૂર્તમાં બન્યુ કે તે પછી અમેરિકામાં આપણા વર્ષો વર્ષ મહા મંદિરો થવા માંડ્યા. મંદિર થવાથી ત્યાં વસતી પ્રજામાં આપણી ભારતીય સંસ્કૃતિ અને હિન્દુધર્મનું જતન થયું. ભાવિ પેઢી ખોટા રસ્તે જતા અટકી, લાખો નવા આશ્રિતો મૂળ સંપ્રદાયમાં જોડાયા ! શ્રી નરનારાયણદેવ અને શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ ગાદી સાથે જોડાઈને રહ્યાં ! તેમાંજ દરેકનું શ્રેય અને કલ્યાણ છે તેવું સમજી શક્યા. પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ અહીંના લોકોમાં સત્સંગ દૃઢ કરવા ખૂબજ પરિશ્રમકર્યો છે. વ્યક્તિગત હરિભક્તનો સંપર્ક કરી કરીને નાના એવા છોડમાંથી મોટું વટવૃક્ષ ઉભુ કર્યુ છે. તે તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને તેમનામાં સ્વયં શ્રીજી મહારાજે આવીને કર્યું છે. તે પછી આપણા વર્તમાન આચાર્ય મહારાજશ્રીએ પણ સતત સત્સંગમાં દેશ-વિદેશમાં રાત-દિવસ જોયા વગર વિચરણ કરે છે. તેઓશ્રી લાલજી સ્વરૂપે હતા ત્યારથી વિદેશમાં યુવાવર્ગને સતત જાગૃત રાખીને ખૂબજ પરિશ્રમકરીને સત્સંગને નવપલ્લવિત કર્યો છે. અને હાલ પણ કરી રહ્યા છે. હવે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આટલી નાની વયે અભ્યાસની સાથે સાથે દેશ વિદેશમાં ભાવિ પેઢીને તૈયાર કરી રહ્યા છે. અમેરિકામાં ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજતજયંતી પાટોત્સવ સમસ્ત ધર્મકુળની નિશ્રામાં ભવ્યાતિભવ્ય ઉજવાયો. હવે ચાતુર્માસ આવશે એટલે આપણે સતત ચાર મહિના સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વિશેષ ભજન કરવાનું. અષાઢ વદ-૧૦ના આપણા ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો જન્મોત્સવ અમદાવાદ-કાલુપુર મંદિરમાં ધામધૂમથી ઉજવાશે. સમસ્ત સત્સંગને આ પ્રસંગનો લાભ લેવા ખાસ અનુરોધ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ




**(મે-૨૦૧૨)**

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, મરતોલી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨. પ.ભ. ઘનશ્યામભાઈ ચિમનલાલને ત્યાં પધરામણી - સેટેલાઈટ.
૩. સાકોદરા (ધોળકાદેશ) ગામે કથા પ્રસંગે પધરામણી.
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, વાલી (રાજસ્થાન) પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર, લાડપુર (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા.
૬. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
૭. લટુડા (મૂળી દેશ) ગામે કથા પ્રસંગે પધરામણી.
૮. હળવદ ગામે (મૂળી દેશ) કથા પ્રસંગે પધરામણી.
૯. શ્રી સ્વામિનારાયણ મંદિર, ધોળકા કથા પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર, પ્રાંતિજ ૧૨૫ માં પાટોત્સવ પ્રસંગે.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, સવગઢ (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર, કડા (વિસનગર) પાટોત્સવ પ્રસંગે .
૧૩-૧૪-૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ પધરામણી.
૧૬. પ.ભ. મનીષભાઈ ડાહ્યાભાઈને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.
પ.ભ. ભૂપેન્દ્રભાઈ પટેલને ત્યાં પધરામણી - પાલડી.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, ગુંદીયાળા (મૂળી દેશ) (બહેનોનું મંદિર) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૨-૨૩. માધાપર (કચ્છ) પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, મોટી આદરજ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર, સુરેન્દ્રનગર પધરામણી.
૨૬-૨૭. રાપર (કચ્છ) પધરામણી.
૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર, જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.
તા. ૨૯-૫-૧૨ થી તા. ૧૨-૬-૧૨ I.S.S.O. નું સૌ પ્રથમ- શ્રી સ્વામિનારાયણ મંદિર, ન્યુજર્સી (અમેરિકા) રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(મે-૨૦૧૨)**



૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, સાકોદરા કથા પ્રસંગે પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર, મોટેરા સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર, બાપુનગર સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
૯. શ્રી સ્વામિનારાયણ મંદિર, પ્રાંતિજ વરઘોડા પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર, નવાગામપાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. વિસનગર ગામે સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, મેમનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ થી ૮ જૂન, ૨૦૧૨ I.S.S.O. નું સૌ પ્રથમ- શ્રી સ્વામિનારાયણ મંદિર, ન્યુજર્સી (અમેરિકા) રજત જયંતી મહોત્સવ પ્રસંગે

# પ. પૂ. મોટા મહારાજશ્રીના ૬૯માં જન્મોત્સવ પ્રસંગે તેઓશ્રીનું આશીર્વચન (સીડની-ઓસ્ટ્રેલીયા)

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા, હીરાવાડી, બાપુનગર  સહયોગ : હજુરી પાર્ષદ કનુ ભગત



સૌ પ્રથમતો સૌએ જે અમારા પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરી તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ ! જન્મોત્સવનો લાભ એ છે કે આ દિવસે અમને સંતો - હરિભક્તોના આશીર્વાદ મળે. આજે આશીર્વાદ ઓવરફ્લો થાય પછી તેની ઈફેક્ટ આખું વર્ષ ચાલ્યા કરે. હું ઘણીવાર કહું છું કે રૂટિનમાં દરરોજ અમે જ્યારે શ્રીજીમહારાજના દર્શન કરતા હોઈએ ત્યારે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ અમારા ઈષ્ટદેવ માનીને દર્શન કરીએ છીએ પરંતુ અમારા જન્મદિવસે જરા જુદી રીતે, મહારાજને અમારા દાદા માનીને દર્શન કરીએ છીએ.

હું જ્યારે નાનો હતો ત્યારે એક પંડિતજી મંદિરના શાસ્ત્રીજી મને શિક્ષાપત્રીના સંસ્કૃતના શ્લોકો ભણાવવા આવતા ત્યારે... **सर्वान्निजाश्रितान् नानादेश स्थितान् शिक्षापत्री....** આ શ્લોક આવ્યો એટલે પૂછ્યું કે આ નાના પ્રકારના દેશ એટલે શું ? કયાં દેશ ? તો કહે, અમદાવાદ, મૂળી, ભૂજ, ગઢડા, વડતાલ વગેરે. ત્યારે હું કહેતો કે, ના પંડિતજી ! એવું મનાય તેમનથી  મહારાજે તો આખી દુનિયાના દેશોને નજર સમક્ષ રાખીને આ લખ્યું છે અને વાસ્તવમાં અત્યારે આ બાબત દેખાય છે ! અમે જ્યારે નાના હતા ત્યારે અમદાવાદના એક ઉત્સાહી હરિભક્ત, પોતાના પ્રવચનમાં કાયમકહેતા કે લાલજી મહારાજ જ્યારે મોટા થાય ત્યારે અમેરિકામાં, ઈંગ્લેન્ડમાં, ઑસ્ટ્રેલિયામાં એમદરેક જગ્યાએ મોટા મંદિરો થાય. એ સમયે હું બેઠો હોઉ ત્યારે એમથતું કે આ તો મંગળ જેવા ગ્રહો પર મંદિર થાય તેવી વાત છે ! પરંતુ આપણા સંકલ્પો મહારાજે પૂરા કર્યા છે. કરતા આવ્યા છે અને કરશે.

આ મંદિરની ઉન્નતિ, પ્રગતિ જોઈને ખૂબ આનંદ થયો. લાલજી મહારાજને મોટા થતા જોઈને જેવો આનંદ થાય છે તેવો આનંદ આ મંદિરને જોઈને થાય છે. હજુ આ મંદિર માટે ઘણું કરવાનું બાકી છે. આજુબાજુની જમીન જેટલી લેવાય તેટલી ખૂબ લેતા રહેજો, સહકાર આપજો કારણ કે આ મંદિર આપણું છે, નરનારાયણદેવનું છે. સ્વામીએ કથામાં કહ્યું કે મહારાજે શ્રી નરનારાયણદેવને બાથમાં લઈને પધરાવ્યા છે. અમદાવાદનું મંદિર બનાવવા મહારાજે જ્યારે આનંદાનંદ સ્વામીને આજ્ઞા કરી ત્યારે પૈસા નહોતા. સ્વામીએ મહારાજને કહ્યું : શું કરશું ? મહારાજ કહે, જેણે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું છે તે કળશ ચડાવશે, તમારે શું ચિંતા છે ? એમઆજે પણ સત્સંગ વધારવાની, ઘટાડવાની બધી ચિંતા આ સિંહાસનમાં બેઠા છે તેમને હોય છે ! આપણે તો માત્ર પ્રયાસ-પ્રયત્ન કરવાનો છે. માટે ખૂબ ખંતથી, ઉત્સાહથી અને સંપથી એકમેક થઈને સત્સંગ કરજો.

અહીં ગુજરાતથી આવેલ અને કચ્છથી આવી વસેલ ઘણા સત્સંગીઓ છે અને હજુ વધશે. બધાજ સંપીને સત્સંગ કરજો.

આપણે સૌ શ્રી નરનારાયણદેવના છીએ. અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ બિરાજમાન છે અને ભૂજમાં પણ શ્રીહરિએ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા છે.

અમદાવાદ અને ભૂજના શ્રી નરનારાયણદેવ જુદા નથી. ઘણા વર્ષો પહેલા જ્યારે અમે આચાર્યપદ ઉપર હતા ત્યારે ભુજના સૌ સંતોની માંગણી આવી કે માંડવી કચ્છ પ્રદેશમાં છે અને ત્યાંનું શિખર મંદિર વહિવટની દષ્ટિએ

અમદાવાદ સાથે જોડાયેલ છે તો અમારી માંગણી છે કે તે વહિવટી રીતે ભૂજ મંદિર સાથે જોડવામાં આવે. અમે અમદાવાદની સ્કીમકમિટીને આ વાત જણાવી. તેઓ સૌએ સર્વાનુમતે માંડવી મંદિર ભૂજ મંદિરના વહિવટને સોંપવા ઠરાવ કર્યો. ભૂજ મંદિરની કમિટીએ તે મંદિર સ્વીકારવાનો ઠરાવ કર્યો પણ એક ટ્રસ્ટની મિલકત બીજા ટ્રસ્ટમાં ભેળવવી બહુ કઠણ પ્રક્રિયા છે. જો ચેરિટી કમિશ્નર મંજૂરી આપે તો જ શક્ય છે. જ્યારે ચેરિટી કમિશ્નર પાસે ઠરાવ ગયો તેમણે મંજૂરી આપી પણ એક કલમલખી કે **“આ મંજૂરી હું એટલા માટે આપું છું. કારણ અમદાવાદ અને ભૂજ બન્ને શ્રી નરનારાયણ દેવના મંદિરો છે અને બન્નેના આચાર્ય અને ધર્મના વડા એકજ છે.”**

આજે યોગાનુંયોગ અહિં ભૂજ મંદિરના મહંત સ્વામી અને સંતો પણ ઉપસ્થિત છે. બહુ સુંદર સુયોગ છે. માટે સૌ સંપીને શ્રી નરનારાયણદેવના આશ્રય નીચે રહીને સત્સંગ કરજો.

આપણા સત્સંગનો વિકાસ થઈ રહ્યો છે તે જોઈ બહુ આનંદ થાય છે અને આજે તો ભૂજના સંતો તથા મહંત સ્વામી અહીં હાજર છે. વાસ્તવમાં હું મારો જન્મદિવસ અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શન કર્યા સિવાય ક્યાંય સેલીબ્રેટ કરવાની મંજુરી નથી આપતો. પરંતુ **This is the first time** કારણ કે આપ સર્વે પણ અમારા કુટુંબી જ છો. નરનારાયણદેવ અહીં બિરાજમાન છે. આચાર્ય મહારાજશ્રીએ મને કહ્યું કે આપને જવું પડશે એટલે જવું જ પડશે.

બીજી એક હસવાની વાત કહી દઉં, સ્વામીએ હમણાં કહ્યું ને કે કથામાં ઉંઘવું નહી. તો થોડી મને પણ ઉંઘ આવવા માંડી ! શરીર છે, એક તો થાક્યા હોઈએ ત્યારે ઉંઘ આવે, બીજું કથા સાંભળીને મનમાં શાંતિ થાયને ત્યારે ઉંઘ આવે. એ સ્વાભાવિક છે. પરંતુ મહારાજ ગઢડામાં બિરાજમાન હતા ત્યારે આ બાબત એક સરસ વાત કરી છે. મહારાજ કહે, કથામાં કોઈને ઉંઘ આવે તો બાજુવાળાએ તેને જગાડવો. સેકન્ડ સ્ટેપ, છતાં ઉંઘ આવે તો દંડવત્ કરવા પછી કથામાં બેસવું. છતાંય ઉંઘ આવે તો દૂર જઈને ઉભા ઉભા કથા સાંભળવી. છતાંય ઉંઘ આવે તો ઘેલામાં નાહીને પછી કથા સાંભળવી અને છેલ્લું સ્ટેપ બહુ સરસ છે, છતાંય ઉંઘ આવે તો ઘેર જઈને સૂઈ જવું ! (સભામાં હસા હસ !)

સ્વામીએ નરનારાયણદેવના ૨૦૦માં પાટોત્સવની વાત કરી તે બહુ ઈમ્પોર્ટન્ટ ઈવેન્ટ્સ છે. હજુ તો ૧૦ વર્ષ બાકી છે. ૧૦ વર્ષમાં આપણે કેટલી બધી પ્રગતિ કરીશું ! અમેરિકામાં જ્યારે પહેલું મંદિર કરવું હતુ, ત્યારે બહુ તકલીફ હતી. દરેક જગ્યાએ મંદિર કરવામાં તકલીફ થાય. કારણ કે મહારાજને નાનામાં નાના દરેક હરિભક્તની સેવા લેવી હોય છે તેથી વિલંબ થાય એ સ્વભાવિક છે. બહાર પરોક્ષમાં જુઓ, એકજ વ્યક્તિના ડોનેશનથી મંદિરો થયા હોય તેમાં જોવાની મઝા આવે, પરંતુ દર્શન કરવાની મઝા ન આવે. પરંતુ જે મંદિરમાં નાનામાં નાના સત્સંગીની સેવા લીધી હોય તેમાં તે સત્સંગીને ભાવ થાય છે કે આ મારું મદિર છે. મારી કંઈક સેવા છે આમાં, તેમાં વિશેષ આનંદ આવે.

મહાપ્રતાપી નરનારાયણદેવની વાત કરીએ તો, શ્રી નરનારાયણદેવ અને અમારામાં લેશમાત્ર ફેર નથી એવા શ્રીજીમહારાજના શબ્દો છે. પ્રથમના ૪૮માં વચનામૃતમાં મહારાજે એમકહ્યું કે, સત્સંગી માત્રએ પોતાની પૂજામાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ રાખવી. કોઈ વચનામૃત ફેરવી નાખે તો જુદી વાત છે. દરેક સત્સંગી માત્રએ, અમદાવાદનો હોય કે વડતાલનો હોય, મહારાજે ભેદ નથી પાડ્યો. દરેકે નરનારાયણદેવની મૂર્તિ સેવામાં રાખવી અને તે મૂર્તિ અપૂજ ન રહેવા દેવી. વળી વચનામૃતમાં મહારાજે કહ્યું કે, આ શ્રી નરનારાયણદેવને અમે અમારૂં રુપ જાણી અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમઆ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. શ્રીજીમહારાજે બહુ સરસ વાત કરી છે કે, આ નરનારાયણદેવને મૂકીને, તેમાં નરનારાયણદેવ કે લક્ષ્મીનારાયણદેવ - મહારાજે પધરાવેલા સ્વરૂપો મૂકીને બીજાનો આશ્રય કરનારને કેવો જાણવો, જેમકોઈ સ્ત્રી હોય તે પોતાના પતિને મૂકીને પરપુરુષ પાસે જાય તેવો તેને જાણવો. માટે નરનારાયણદેવનો આશ્રય હમેશાં દઢ રાખજો.

અમને કોઈ પૂછે કે કોઈ તમારા વખાણ કરે, પ્રશંસા કરે ત્યારે તમને કેવું લાગે છે ? અમે કહીએ છીએ કે ત્યારે હું અહીં નથી બેસતો. તમારી પાસે આવીને બેસી જઉં છું. મન તમારી પાસે આવીને બેસી જાય છે અને સાંભળું છું. આ નરનારાયણદેવની ગાદીના વખાણ થાય છે. મારા નથી

થતા. સંપ્રદાયમાં ઘણાં એવા સત્સંગી છે, આવીને અમને કહે છે, સ્વપ્નમાં તમારા દર્શન થયા. અમે કહીએ છીએ કે મહારાજે નિશ્ચય પાકો કરાવવા માટે તમને દર્શન આપ્યા છે. જો હું માનું ને કે મારા દર્શન થયાં તો બધું ખોટું થઈ જાય.

શ્રીજી મહારાજનો મહિમા યથાર્થ રીતે આપણા અંતરમાં ઉતરે, દૃઢ થાય, જેવા છે તેવા ઓળખાય અને મહારાજની આજ્ઞા પાળવાનું વિશેષ બળ આપણને મળે, હમેશાં મહારાજની આજ્ઞા પાળવાનો ખટકો રાખવો, આશરો દૃઢ રાખવો. સત્સંગમાં આપણું માન થાય, અપમાન થાય, સત્સંગથી ક્યારેય જુદા ન પડવું. એક દાખલો આપુ. તમે ઘણીવાર સાંભળ્યો હશે. અમદાવાદમાં ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ હતો. તમે અમદાવાદ આવ્યા હોય તે બધા જાણે છે. તેમદરરોજ સવારે ચોકમાં કબૂતરો બહુ હોય છે. ચણ લેતા હોય છે. હવે બન્યું એવું કે મંડપ બાંધ્યો હતો. ત્રણ-ચાર દિવસ મંડપ રહ્યો. હવે મંડપ હોય એટલે કબૂતરો ત્યાં બેસી ન શકે, દાણા ખાઈ ન શકે. એટલું હું વિચાર કરતો હતો કે આ કબૂતરોને કેવું ફીલીંગ થતું હશે ? તેઓ નરનારાયણદેવના શિખર પર બેસી રહેલા. ૩-૪ દિવસ દાણાથી વંચિત રહ્યા. મંડપ છોડ્યો એટલે પાછા તે બધા ચણ ચણવા માંડ્યા. આમાંથી આપણે શું શીખવાનું છે કે કબૂતર જેવા પક્ષીઓ, તેની ચણ, તેના અન્ન-પાણી બંધ થઈ ગયા છતા તેમણે નરનારાયણદેવનું આંગણ છોડ્યું નહીં, ત્યાં જ રહ્યા. એમ સત્સંગમાં આપણો ઈગો, આપણો સ્વભાવ એક બાજુ મૂકીને નરનારાયણદેવનો આશરો દૃઢ રાખવો.

મુંબઈમાં ભૂજનું વિશ્રાંતિ ગૃહ છે. એરપોર્ટ પર. તેમાં હું બેઠો હતો, નીચે ઉકરડો હતો, તેમાં એક દૃશ્ય જોયું. ઉકરડામાં કૂતરો, બિલાડી, કાગડા, ખિસકોલી વગેરે બધાના સ્વભાવ જુદાંજુદાં. બધા એકબીજાને જોઈને મારી નાખે તેવા, પરંતુ બધા ને ખપ હતો ને એટલે બધા ભેગા મળીને ખાતા હતા. એમઆપણે શીખવાનું એ છે કે આપણા સ્વભાવ બધા બહાર મૂકીને, ભેગા મળીને બધાએ સત્સંગ કરવો. હમેશાં ખપ રાખવો, ગરજુ થવું, સત્સંગમાં જે ગરજુ થાય તેનો સત્સંગ આગળ વધી જાય. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એક વાત આવે છે કે, જ્યારે દુષ્કાળ હોયને ત્યારે સદાવ્રત ચાલતુ હોય તેમાં જે અન્ન લેવા આવે તે ધક્કામુક્કી સહન કરે, મેનેજમેન્ટ કરનાર મેનેજર તેનું અપમાન કરે તો પણ તે અન્ન લીધા વિના જાય નહીં. કારણ કે એને ખપ છે. એમસત્સંગમાં જે ખપ રાખે તેનો સત્સંગ દિનપ્રતિદિન વધતો જાય છે. નરનારાયણદેવનો ખપ રાખવો. સત્સંગીમાત્ર આપણા ભાઈઓ છે એવી રીતે સંપીને સત્સંગમાં રહેવું. આપ સૌને સત્સંગનો રંગ ચડતો ને ચડતો રહે એવી મહારાજના ચરણમાં પ્રાર્થના. વળી મ્યુઝિયમમાં જેઓએ સેવા કરી છે તેઓને પણ ખૂબ ધન્યવાદ ! કારણ કે મ્યુઝિયમબહુ અલૌકિક થયું છે. મ્યુઝિયમના ઉદ્‌ઘાટન વખતે આપણા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવેલા ત્યારે તેઓ મેઈન હોલમાં આવ્યા ત્યારે મને કહ્યું આ હોલમાં મને કંઈક દિવ્યતા અનુભવાય છે. તેમણે સૂચન કર્યું કે આ હોલનું નામમૌન મંદિર રાખજો અહીં કોઈ ઘોંઘાટ ન કરે, અવાજ ન કરે. મ્યુઝિયમમાં વહેલાલના માઢનો એક પીસ છે. મહારાજના સ્મરણ સાથે તેમાંથી પસાર થાય તેનું કલ્યાણ થાય એવું મહારાજનું વરદાન છે. અમે C.M. (મુખ્યમંત્રી)નો હાથ પકડીને તેમાંથી પાસ કરાવ્યા ! મ્યુઝિયમ એવું અલૌકિક સ્થાન છે કે જેનું વર્ણન કરતા કલાકોના કલાકો વીતી જાય. પ્રસાદીની તે બધી એવી વસ્તુઓ છે કે તે અમે ક્યાંયથી ખરીદેલી નથી, પર્સનલ કલેક્શનની વસ્તુઓ છે, પરંપરામાં આવેલી વસ્તુઓ છે. અમારા બાપ-દાદાએ સાચવેલી વસ્તુઓ છે. સત્સંગીઓએ જે આપેલી વસ્તુઓ છે તે ફક્ત ૫% છે. વળી તે ચોક્સાઈ રાખીને પ્રાપ્ત કરી છે. પ્રસાદીની વસ્તુઓ લાવનાર સત્સંગીઓને પૂછ્યું છે કે તમને આ વસ્તુ ક્યાંથી મળી તેનો સોર્સ બતાવો. આવા અદ્‌ભુત સંગ્રહસ્થાનમાં જેમણે સેવા કરી તે બદલ ખૂબ ધન્યવાદ !

અત્રે એક બાબત ખાસ ઉલ્લેખનીય છે કે, તાજેતરના પ.પૂ. મોટા મહારાજશ્રીના ન્યુઝિલેન્ડ, ઑસ્ટ્રેલિયા જેવા દેશોના ધર્મપ્રવાસમાં તેઓના ચરણોમાં જે કંઈ ચરણભેટ આવી હતી તે તમામચરણભેટ તેઓશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનિભાવ ભંડોળમાં જમા કરી દીધી છે. શ્રીજી મહારાજના અપર સ્વરૂપની ઉદારતા પણ શ્રીજી મહારાજ જેવી જ હોય ને !

# "કૌશલ્ય શિબિર" તા.૧૩-૫-૨૦૧૨ રવિવાર - વિસનગર

''શ્રી કૌશલ્ય શિબિર'' મહોત્સવ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા શ્રી સહજાનંદ કિશોર મંડળ વિસનગર આયોજીત સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી સંપ્રદાયના આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અને સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં પ્રથમ સોપાનરૂપ મહોત્સવ રૂપે સમગ્ર દંઢાવ્ય દેશના વિસ્તારોની ખૂબ જ ભવ્યતાથી મંગલમય વાતાવરણમાં તા.૧૩-૦૫-૨૦૧૨ ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકેથી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી ઉજવાઈ હતી.

પૂર્વ તૈયારી રૂપે એપ્રિલ માસથી જ સમગ્ર દંઢાવ્ય દેશના આશરે ૧૩૦ ગામોમાં રૂબરૂ સંપર્ક શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તથા શ્રી સહજાનંદ કિશોર મંડળ વિસનગરના સ્વયંસેવકો એ વિવિધ વિસ્તારની કુલ પાંચ ટીમો દ્વારા થયેલ. અને તેમાં ૧૨ વર્ષથી ૨૦ વર્ષ સુધીનાં યુવાન કિશોરો તેમજ જે તે ગામનાં પ્રતિનિધિઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક વધાવી લીધી હતી. સમગ્ર દંઢાવ્ય દેશના પ્રત્યેક મંદિરમાં પત્ર દ્વારા, ટેલીફોનથી તેમજ બેનરો લગાવી પ્રચાર કાર્યને આખરી ઓપ આપ્યો.

જાણે કિશોર યુવાનોને પોતાના પ્રેરણા મૂર્તિ પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દર્શન અને સાનિધ્ય માટે તા.૧૩-૦૫-૨૦૧૨ રવિવારે સમગ્ર દંઢાવ્ય દેશના વિવિધ વિભાગમાંથી જીપ, લક્ઝરી બસ તથા અન્ય વાહનો દ્વારા શ્રીસહજાનંદ સંસ્કાર ધામ વિસનગર સવારે ૮.૩૦ કલાકે થી જ આવી પહોંચવાનું શરૂ થયું હતું. શિબિર સ્થળે આવનાર તમામ કિશોર યુવકોનું સ્વાગત કરી તેમનું રજીસ્ટ્રેશન કરવામાં આવતું હતું. જે દ્રશ્ય જોઈને સંપ્રદાયની શિસ્ત અને ધીરજ પ્રેરણાદાયી રહી. જેમાં ૬૫ ગામોનાં કુલ ૧૩૫૧ શિબિરાર્થીઓ એ ભાગ લીધો. આયોજનના ભાગ રૂપે ચા, નાસ્તો કરી પ્રત્યેક શિબિરાર્થીને આયોજીત રમતોત્સવ સ્થળે ગોઠવાયા હતા.

જોતજોતામાં એકદમજ ચહલ-પહલ થવા માંડી. શિબિરાર્થીઓને જીજ્ઞાશા જાગી, ત્યાં તો ફટાકડાના અવાજ, ઢોલ-નગારા વાગવા માંડ્યા અને દરેક ના અંતરમાં પોતાના પ્રેરણા મૂર્તિ પધાર્યા તેનો અતિ આનંદ છવાયો. પ.પૂ. લાલજી મહારાજશ્રી સવારે ૯.૦૦ કલાકે શિબિર સ્થળે પધાર્યા અને શ્રી નરનારાયણ દેવની જય ના જયઘોષથી આખા વિસ્તારમાં જયજયકાર થઈ ગયો. પ.પૂ. લાલાજી મહારાજશ્રી રમતોત્સવના સ્થળ ઉપર બનાવેલ ભવ્ય આસન ઉપર આરૂઢ થયા. વિશાળ શિબિરાર્થીઓની સામે દિવ્ય દ્રષ્ટિથી કરુણા કરી અને ''કૌશલ્ય શિબિર'' નો પ્રારંભ દીપ પ્રાગટ્યથી શરૂ થયો. આયોજીત રમતોત્સવમાં સંપ્રદાયના સિદ્ધાંતોને અનુરૂપ ક્રોસવર્ડ પઝલ, એક મિનિટ, રસ્સા ખેંચ, તથા કીર્તન અંતાક્ષરી જેવી તન અને મનનું કૌશલ્ય ખીલી ઉઠે તેવું આયોજન થયું. જેને સંપ્રદાયના ભાવિ આચાર્યશ્રી એ વિવિધ રમતોનો જે તે વિભાગમાં જઈ પ્રત્યક્ષ નિહાળી અને કૃપા દ્રષ્ટિનો લાભ આપ્યો. સમય ૧૧.૦૦ કલાકે મહોત્સવમાં આર્થિક સહભાગી યજમાનોના ત્યાં પધરામણી એ પધાર્યા. તેમા મુખ્ય યજમાન પ.ભ. શ્રી હસમુખભાઈ બળદેવદાસ મોદીના ત્યાં બપોરા કરી અને શિબિર સ્થળે ૧.૩૦ કલાકે પધારીને પ્રત્યેક ગામદીઠ પ્રતિનિધિ તેમજ યુવાન કિશોરો સાથે વ્યક્તિગત સત્સંગ કરી ગાદીની વફાદારી અને સત્સંગ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી દિવ્યાનંદ આવ્યો.

''વ્હાલો અઢળક ઢળ્યા આવ્યા, આવ્યા, આવ્યા...
મારે મંદિરીએ આવ્યા.....''

તે ન્યાયે જાણે કીડી કુંજરનો મેળાપ ક્યાંથી હોય ?

તેવો આ ભવ્ય આ અપર સ્વરૂપના સાથે પ્રત્યેક ગામનાં યુવાન કિશોરો તથા પ્રતિનિધિઓની આજીવન સ્મૃતિ રૂપે ફોટો-સેશનમાં બિરાજી અલૌકિક દિવ્ય લ્હાવો આપ્યો.

સાંજે ૫.૦૦ કલાકે દિવ્ય સભાનો પ્રારંભ થયો. જેમાં યજમાનોને સત્કારી આશીર્વાદ આપતાં અને કૌશલ્ય શિબિરમાં વિજેતાઓને ઈનામોથી બિરદાવતા અને પ્રત્યેક શિબિરાર્થીને પ્રોત્સાહિત પુરસ્કાર આપી ધન્ય કરી દીધા. એવા સંપ્રદાયના ભાવિ આચાર્યશ્રીએ પોતાનાં આશીર્વચનમાં સમગ્ર યુવાનોને સાચા સંસ્કાર, સાચી નિષ્ઠા અને એક સંપથી શ્રીનરનારાયણ દેવ દેશ ગાદીના વફાદાર સૈનિકો તરીકે જીવન સમર્પિત કરી સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો અઢળક રાજીપો મળે અને શ્રી નરનારાયણદેવની અસીમકૃપા રહે તેવા રૂડા આશીર્વાદ આપ્યા અને શિબિરાર્થીઓને આજ્ઞા કરી કે દર વર્ષે આપણે આવી જ રીતે સાથે રહી ઈષ્ટદેવનો રાજીપાનો લાભ લેવો. જેને સર્વે શિબિરાર્થીઓએ તાલીઓનાં નાદથી વધાવી લીધુ. અંતમાં આ દિવ્ય કૌશલ્ય શિબિરમાં આયોજક શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા શ્રી સહજાનંદ કિશોર મંડળ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેણે-જેણે તન, મન, ધનથી સેવા કરી તેઓની ઉપર શ્રી નરનારાયણ દેવનો ખૂબ જ રાજીપો મળે તેવા આશીર્વાદ દીધા અને ધન્ય કરી દીધા !

# દીકરા આપે જેતલપુરના બળદેવજી બાપા

-સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુર)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલા પ્રગટ સ્વસ્વરૂપ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેક સત્સંગી કે ધર્મ પ્રેમી હોય તેઓના માનસ અને હૃદયમાં નક્કી થયેલી છાપ છે કે દીકરાની ઈચ્છા હોય તો જેતલપુરની એક વર્ષની પૂનમ ચાલતા ભરીએ તો કોઈ કામ અધુરુ ન રહે. વળી કોઈ આધિ વ્યાધિ ઊપાધિ હોય તો બળદેવજી બાપાના શરણે આવી જાય, તો તે તત્કાળ રાહત થઈ જાય છે. કોઈને વ્યવહારિક આંટી ઘૂંટી હોય, કોઈને ભાગીદારોમાં ટકરામન હોય, કોઈનું કામ વર્ષોથી અટકી ગયેલ હોય, કોઈ ને શરીરમાં અસહ્ય દર્દ આવી પડ્યુ હોય, તો કોઈને ડોક્ટરોએ સંતાન નહીં થાય એવી ચેલેન્જ આપી હોય, તો કોઈના બાળકો બિમાર રહેતા હોય, તો કોઈને બોર્ડમા સારા ટકાથી પાસ થવુ હોય, કોઈને સારી કોલેજમાં એડમીશન લેવુ હોય, તો કોઈને વિદેશ ભણવા જવું હોય, તો કોઈને વિદેશ જવાના વિઝા લેવા હોય, કોઈ સંકટમાં આવ્યા હોય, તે નાના મોટા જ્ઞાની-અજ્ઞાની, ત્યાગી કે ગૃહસ્થ સત્સંગી કે કુસંગી કોઈ પણ હોય તે એકવાર મનથી શ્રદ્ધાપૂર્વક મનોકામના કરે તો બળદેવજીબાપા સર્વેના સર્વ કામ પૂર્ણ કરે છે. રોજ રોજ નવા-નવા પ્રસંગો ચમત્કારો કરે છે. કેટલાક તો ધ્યાનમાં આવે છે જેને લખીએ તો મોટુ પુરાણ બની જાય છે. તો કેટલાક પ્રસંગોને હરિભક્ત અને બળદેવજીબાપા જ જાણે છે. દરરોજ ઓછામા ઓછા પાંચ દીકરાઓતો બાપા ના સાનિધ્યમાં સાકરથી તોલાય છે. બાપાએ નક્કી કર્યુ લાગે છે કે રોજ ઓછામાં ઓછા પાંચ દીકરા તો આપવા જ.

પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસે અથવા વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી પાસે કોઈ દિનદુ:ખી દેશ-વિદેશમાં દુ:ખ વ્યક્ત કરે ત્યારે તેઓશ્રી બળદેવજીબાપાની જેતલપુરની એકવર્ષની પૂનમના દર્શન કરવાના સંકલ્પ કરાવે છે. વળી પ.પૂ. ગાદીવાળાશ્રી પાસે કોઈ બહેન કોઈ પણ વેદના કહે તો તેઓશ્રી જેતલપુરની પૂનમ ભરવાની આજ્ઞા કરે છે.

આજે પૂનમના દિવસે દિનપ્રતિદિન ભીડ વધતી જાય છે. બે લાખ જેટલા દર્શનાર્થી પૂનમના દિવસે દર્શન કરે છે. જેમા દશ હજાર તો પગપાળા આવે છે. પૂનમની આગલી રાત તો ભક્તોની ભીડથી મંદિર દરવાજા સુધી ભરાઈ જાય છે. કોઈ કોઈ તો સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા કરતા આવે છે.

અસંખ્ય ચમત્કારોના સાક્ષી તરીકે વર્તમાન મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજારી બ્રહ્મચારી પુર્ણાનંદજી છે. દુખિયા સુખિયા થયાના સમાચાર રોજરોજ તેમની પાસે આવે છે. ભગવાન સ્વામિનારાયણે પોતાના ભક્તોને સુખી કરવા જેમ રામાનંદસ્વામી પાસે બે વરદાન માગ્યા તે વરદાન પુરા કરવા શ્રીજી મહારાજ જેતલપુરમાં બળદેવજી મહારાજના સ્વરૂપે બિરાજીને જાણે દીકરા આપવાની હાટડી માંડી હોય એવુ લાગે છે. રામાનંદ સ્વામીએ જેતલપુરમાં ભૂખ્યાને ભોજન માટે સદાવ્રત બાંધ્યુ. તો શ્રી હરિએ તે સદાવ્રતને ચાલુ રાખીને બીજું દીકરા આપવાનું સદાવ્રત બાંધ્યુ છે. જેનો લાભ અસંખ્ય ભક્તો મેળવે છે.

બળદેવજીબાપાના શરણે આવેલ સત્સંગી ક્યારેય પણ નિરાશ થયો હોય એવો એક પણ દાખલો જોયો નથી. કેટલાક તો વિદેશમાં રહેતા હોય ત્યાં કોઈ સમસ્યા આવી પડી તો તરત બળદેવજીબાપા ને યાદ કરી સંકલ્પ કરે એટલે જાણે કામ પૂર્ણ થયાની ગેરંટી. હમણાં તો યુ.એસ.એ. માં ડિપોટેશન થયેલ હરિભક્ત કેદમાંથી મુક્ત થયો.

જેતલપુર સ્વામિનારાયણ ભગવાનને અત્યંત પ્રિય ભૂમિછે. જેને વચનામૃતમાં વૃન્દાવનથી અધિક ઉપમા આપી છે. જેતલપુરના મહા તપસ્વી ગંગામા દીકરો કહે તો જ શ્રી હરિ થાળ જમતાં. મા દીકરાના નાતાથી ભક્તિની શિખર મેળવનાર ગંગામાએ કહ્યું કે, ''હે પ્રભુ મને રોજ દીકરો દીકરો એમ બોલવાની આજ્ઞા કરો છો, તો જેતલપુરમાં જે દર્શને આવે તેને દીકરો આપજો.'' શ્રી હરિ કહે, ''જેતલપુર ધામના જે દર્શન કરશે તેને ચારેય પુરુષાર્થ સિદ્ધ થશે.''

મધ્ય મંદિરમાં બિરાજમાન હળ મુશળધારી બળદેવજી મહારાજના સ્વરૂપે ભગવાન સ્વામિનારાયણ સ્વયં સાક્ષાત્ છે.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વસ્તુ પરિચય



ઉપરોક્ત શ્રી ગણપતિજીની મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન સમકાલિન નંદ સંત આધારાનંદ સ્વામીએ સ્વયં બનાવેલ છે. આ મૂર્તિને શ્રી હરિએ પૂજેલ હોઈ પ્રસાદીની છે. સામાન્ય રીતે શ્રી ગણપતિજીની મૂર્તિ સન્મુખ જોવા મળે છે, પરંતુ આ મૂર્તિની વિશેષતા એ છે કે તે ચતુર્ભુજ છે અને એક ચક્ષુની છે. પૂંઠા ઉપર વોટર કલરથી બનાવેલ આ મૂર્તિના રંગો હજુ એવાને એવાજ રહ્યા છે. જાણે તાજેતરમાં જ બનાવેલ હોય તેવા તાજા કલર લાગે છે. આ મૂર્તિની સાઈઝ છે. ૪ ઈંચ બાય ૩ ઈંચ. વળી મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુઓ ગોઠવવાની શરૂઆત પણ આજ મૂર્તિ દ્વારા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ.શ્રી રાજાના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી થઈ હતી. આ મૂર્તિ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં.૧માં પ્રથમ શોકેસમાં રાખવામાં આવેલ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - મે-૨૦૧૨

| | |
|---|---|
| તા. ૬-૫-૧૨ | જનકભાઈ ગોકળદાસ પટેલ - અમદાવાદ |
| તા. ૧૩-૫-૧૨ | પરષોત્તમભાઈ વાલજીભાઈ પટેલ (ગવાડાવાળા હાલ અમદાવાદ |
| તા. ૨૦-૫-૧૨ | કલ્પનાબેન દિનેશકુમાર પટેલ |
| તા. ૨૨-૫-૧૨ | અ.નિ.પ્રહલાદભાઈ શંકરલાલ મિસ્ત્રીના સ્મર્ણાર્થે હ. રાજેશભાઈ પ્રહલાદભાઈ મિસ્ત્રી - નિર્ણય નગર, અમદાવાદ |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

## અભિપ્રાય

આથી હું જણાવું છું કે મને ઘણા સમયથી કમરની તથા ચાલવાની તકલીફ હતી જે કેટલાય ડોક્ટરોની દવા લેવા છતાં હું પથારીવશ હતી અને હું ઉભી થઈ શકુ તેમ નહોતી આથી મેં મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવના થાળ-દર્શનનો સંકલ્પ કર્યો અને ન કલ્પેલ ચમત્કાર સર્જાયો ડોક્ટરોના આશ્ચર્ય વચ્ચે હું ચાલતી થઈ ગઈ અને આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શને ચાલતા આવી.

- વિમળાબેન વિનુભાઈ પટેલ - બાપુનગર

મ્યુઝિયમ એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું એક અણમોલ રતન જ્યાં સ્વામિનારાયણ ભગવાનની સાક્ષાત્ ઝાંખી થાય છે. મોટા મહારાજશ્રીએ જે સ્થાનને અંતર અને આત્મા બન્ને સમર્પિત કર્યા છે અને આપણે એવા અણમોલ સંપ્રદાયના આશ્રિત છીએ જેનું આપણને ગર્વ થાયછે. ખરેખર સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ હરિભક્તો મોટા મહારાજશ્રીના ઋણી છે. જેમણે અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયને અણમોલ ભેટ આપેલ છે.

-શા. હરિગુણ સ્વામી ગુ.રઘુવીરચરણદાસ - ઉમરેઠ

અદ્ભુત પ્રયત્ન છે. મુમુક્ષુ જીવોને માટે ભગવાનની સ્મૃતિનો અજોડ ઉપાય છે. વાંચેલ ચરિત્રોની પ્રેક્ટીકલ લેબ જેવું છે. ચરિત્રોના સ્મૃતિ સહ સાક્ષાત્કાર થાય તેવો પ.પૂ.મોટા મહારાજશ્રીનો અનન્ય પ્રયત્ન અમ જેવા જીવો માટે મોક્ષના આશીર્વાદ રૂપ છે.

- સુરેશ કે. - સુરત

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ મે-૧૨માં દાન-ભેટમાં આવેલ રકમ

| | |
|---|---|
| ૧,૧૧,૧૧૧-૦૦ | પ્રાંતિજ શ્રી સ્વામિનારાયણ મંદિર, પાટોત્સવ પ્રસંગે.શ્રી નરનારાયણદેવનો અભિષેક શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં અભિષેક |
| ૧,૧૧,૦૦૦-૦૦ | ભાલજા સાહેબ મંડળ - અમદાવાદ હ. નંદલાલભાઈ તથા રમેશભાઈ દોશી |
| ૮૭,૦૭૧-૦૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર, સીડની (I.S.S.O.) ઑસ્ટ્રેલિયા |
| ૫૪૦૪૭-૦૦ | વેસ્ટર્ન સબસ મેલબોર્ન સત્સંગી મંડળ પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે. |
| ૫૪,૦૪૭-૦૦ | ન્યુ કેસ્ટલ હરિભક્તો સમસ્ત હ.જયેશ |
| ૫૧,૧૧૧-૦૦ | છભાડીયા જીજ્ઞેશ રવજીભાઈ (સહજાનંદ ટ્રાવેલ્સ), લગ્ન પ્રસંગે. પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી.માંડવી (કચ્છ) |
| ૫૦,૦૦૦-૦૦ | રીમાબેન કરશનભાઈ રાઘવાણી તથા લક્ષ્મણભાઈ રામજી વેકરીયા, લંડન |
| ૫૦,૦૦૦-૦૦ | લાલજી કરશન રાબડીયા કીસુમુ આફ્રીકા |
| ૨૦,૦૦૦-૦૦ | હજુરી પાર્ષદ કનુ ભગત ગુરૂ હજુરી પાર્ષદ વનરાજ ભગત. શ્રી સ્વામિનારાયણ બાગ, |
| ૧૫,૦૦૦-૦૦ | પટેલ પૂનમભાઈ મગનભાઈ અમદાવાદ. |
| ૧૫૦૦૧-૦૦ | ધ.ધુ.આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી ત્યાગી આરોગ્ય કેન્દ્ર.હ.ડો. કનુભાઈ |
| ૧૧,૧૧૧-૦૦ | શ્રી ભક્તિ મંડળ - નવાગામ શ્રી સ્વામિનારાયણ મંદિર બાઈઓનું |
| ૧૧,૦૦૦-૦૦ | સાંખ્યયોગી લીરબાઈ તથા શિષ્ય મંડળ નારણપુર - કચ્છ |
| ૧૧,૦૦૦-૦૦ | ધીરજભાઈ કે. પટેલ - ધરમપુર |
| ૧૧,૦૦૦-૦૦ | બાબુલાલ કાનજીભાઈ ગોંડલીયા - સુરત હ. પ્રવિણભાઈ તથા ઘનશ્યામભાઈ |
| ૧૦,૦૦૦-૦૦ | પુનમભાઈ મગનભાઈ પટેલ - અમદાવાદ |
| ૧૦,૦૦૦-૦૦ | જગદીશભાઈ કે.દરજી-બોપલ,અમદાવાદ |
| ૫૨૨૨-૦૦ | એન.એચ.પ્રધાનાની - મુંબઈ |
| ૫૧૦૦-૦૦ | બાબુભાઈ ભગાભાઈ પટેલ - ગાંધીનગર |
| ૫૧૦૦-૦૦ | શ્રી રામ ગૌશાળા - હળવદ |
| ૫૦૦૧-૦૦ | નિહારિકાબેન નારાયણભાઈ દહીંસર-કચ્છ |
| ૫૦૦૦-૦૦ | ડાહ્યાભાઈ એન. પટેલ તથા વિમળાબેન ડી. પટેલ - થલતેજ, અમદાવાદ |
| ૫,૦૦૦-૦૦ | સહજાનંદ માર્બલ માંડવી (કચ્છ) |
| ૫,૦૦૧-૦૦ | ગોપીબેન ભુજ (કચ્છ) |
| ૫,૦૦૦-૦૦ | વિદ્યાબેન રમણલાલ પટેલ કુબડથલ |
| ૫૦૦૦-૦૦ | સોની પારૂલ જયેન્દ્રકુમાર - રાણીપ |
| ૫૦૦૦-૦૦ | અમૃતભાઈ પી. પટેલ - બાપુનગર |
| ૫૦૦૦-૦૦ | કૈલાશબેન દશરથભાઈ અમીન-ગાંધીનગર |

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આવવા માટે બસનો રૂટ નંબર ૬૮**
**કાળુપુર ટર્મિનસ - સારંગપુર - રાયપુર- એસ.ટી.- જમાલપુર - પાલડી - લો ગાર્ડન - પંચવટી - સી.જી.રોડ - લાલ બંગલા - વિજય ચાર રસ્તા - પલીયડનગર - નારણપુરા ગામ - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - પ્રગતિ નગર - કર્મચારી નગર - સતાધાર સોસાયટી - અને આજ રૂ ટ પર પરત કાળુપુર**

# ધ્યાનનું વ્યાયામ

- સાધુ દેવસ્વરૂપ દાસ (જયપુર)

ભગવાનનું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતા મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતનાં જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. ગ.પ્ર-૫.

૨૭૩ વચનામૃતમાં સૌથી નાનું વચનામૃત આ છે. પણ તેનું મહત્વ ઘણું મોટું છે. જો કે બધાજ વચનામૃત માનો સોનાની ખાણ છે તેમાંથી મન મૂકી આપણે સોનું લૂંટી શકીએ છીએ. જેમાં ગૂઢ રહસ્યો રૂપી હીરા જવેરાતો પણ પડેલા છે. વચનામૃત તો પ્રાણતત્વ છે, ભલા કોઈ પ્રાણતત્વ વગર જીવી શકે, આમાં ડૂબકી મારવાથી વિચારક્રાંતિની અહિંસક પ્રક્રિયાનો જન્મ થાય છે. વચનામૃત શાસ્ત્ર બસો વર્ષ પહેલા લખાયું છે, પણ શ્રીજી મહારાજ કયા દિવસે, કયા સમયે, ક્યાં બિરાજ્યા છે, કેવા વસ્ત્ર ધારણ કર્યા છે, કઈ દિશા તરફ મુખારવિંદ રાખ્યું છે, કોણે પ્રશ્ન પૂછ્યો છે, ભારતવર્ષમાં આટલી ઐતિહાસિક નોંધ ક્યાંય જોવા નહિ મળે.

आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनःपुनः
इदमेकं सुनिष्पन्नं, ध्येयो नारायणः सदा ॥।

વ્યાસજીએ કહયું છે એમ તમામ શાસ્ત્રો, પુરાણો લખ્યા પછી બહુ વિચાર કર્યો ત્યારે તેના સારમાં જાણવા મળ્યું કે ધ્યાન કરવા યોગ્ય એક નારાયણ છે, ભગવદ્‌ગીતામાં કૃષ્ણ કહે છે, ''श्रेयो हि ज्ञानमभ्यासाद् ज्ञानाद् ध्यानं विशिष्यते'' જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે, આમ ગીતામાં ધ્યાનને જ્ઞાન કરતાં પણ ઊંચુ સ્થાન આપવામાં આવ્યું છે ધ્યાનનો દરજ્જો ઉંચો છે, ધ્યાનનો સીધો સંબંધ મન સાથે છે, અને મનને વશ કરવું તે વાયુ ને વશ કરવા બરાબર છે, ધ્યાનને આધાર બનાવી મન પર નિયંત્રણ મેળવી શકે. માણસ હવે રોજની ઉંદરદોડથી થાક્યો છે, હવે શાંતિ ઝંખે છે, ધ્યાનથી ઘણા પ્રાણ પ્રશ્નોનો ઉકેલ આવી શકે. વચનામૃતમાં મહારાજે કહ્યું છે, ધ્યાનનું વ્યાયામ ધીરજ રાખીને ચાલુ રાખે તો તેમાં સફળતા જરૂર મળે. આ કામ થોડું કઠિન છે તેથી એનો ફાયદો પણ ઘણો છે. જેમાં વધારે ફાયદો હોય તે કામ કરવા માટે આપણે ટેવાયેલા છીએ.

ધ્યાન ઉપર શ્રીજી મહારાજે સ્વમુખે આપણા હિત માટે સુંદર વાત કહી છે. ''ઈન્દ્રને એક બ્રહ્મહત્યા વળગી હતી. તે કાંઈ સુખ આવવા દેતી ન હતી. તેથી તે શરીરે ઘણો કૃશ થઈ ગયો હતો. પછી તેને નારદજી મળ્યા એટલે તેને પૂછ્યું કે, 'હે ઈન્દ્ર! તું આટલો બધો દુબળો કેમ પડી ગયો છે ?' ઈન્દ્રે કહ્યું : 'જે મારે દુઃખ છે તેવું દુઃખ બીજા કોઈને નહીં હોય.' નારદજી કહે કે, 'તારે જે દુઃખ હોય તે મને કહે.' ઈન્દ્રે કહ્યું : 'જે મને બ્રહ્મહત્યા વળગી છે, તે ક્યાંય સુખ આવા દેતી નથી.' નારદજી કહે કે, 'તને મારું માનવામાં આવે તો હું એક ઉપાય કહું પણ તારાથી મનાશે નહિ.' ઈન્દ્ર કહે 'જે મારે સુખ થાય એવું કહેશો તો શા સારુ નહિ મનાય! એ તો મનાશે જ.' નારદજી કહે કે તારા નાના ભાઈ વામનજીનું તું હૃદયમાં ધ્યાન ધર, નારદજીની આ વાત સાંભળી ઈન્દ્રે માથું ડોલાવી હસીને બોલ્યો જે, તમે મારી ઠેકડી કરો છો! નારદજીએ કહ્યું જે, મેં તને કહ્યું નો તું ? જે તને મનાશે નહિ. ઈન્દ્ર કહે કે, મહારાજ! કોઈ મોટા મોટા દેવ છે તેનું કહ્યું હોત તો ઠીક હતું. પણ આ તો નાના બાળ છે. ને તેને કાંઈ ખબર નથી તો તે શું મારી બ્રહ્મહત્યા ટાળશે ?''

નારદજી નારાજ થઈ ત્યાંથી ચાલી નીકળ્યા, પછી બ્રહ્મહત્યા આવીને ઈન્દ્રની છાતી ઉપર ચડી બેઠી. ઈન્દ્રને એમ થયું જે, નારદજીએ મને જે વચન કહ્યું હતું તે સાચું છે કે ઠેકડી કરી છે ? એમ સમજીને આંખ બંધ કરી પોતાના નાના ભાઈ વામનજીની સ્મૃતિ કરવા લાગ્યો તો બ્રહ્મહત્યા છેટે રહી. હવે ઈન્દ્રને નારદજીનો ભરોસો આવ્યો અને પછી વામનજીની મૂર્તિ સમીપે રાખવા માંડી અને એની સ્મૃતિથી બ્રહ્મહત્યા છેટે રહી, તે જોઈને ઈન્દ્રને વિચાર આવ્યો જે, નારદજીએ કહ્યું હતું કે એ મૂર્તિનું જીવમાં ધ્યાન કરજે, તેથી ઈન્દ્રે એકાગ્રતા કેળવીને ધ્યાનનો અભ્યાસ કર્યો ત્યારે મૂર્તિ નિરંતર જીવના વિશે રહેવા માંડી એટલે બ્રહ્મહત્યા નાશ પામી.

તેમજ અભ્યાસ કરતાં કરતાં મૂર્તિ અખંડ જીવમાં રહે તો કારણ શરીર છે તે નાશ પામે તે વિના કોટી ઉપાય કરે તો પણ કારણ શરીર નાશ ના પામે. તમારે સુખ જોઈતું હોય તો મૂર્તિ જીવને વિશે ધારો, ને ધારતાં ધારતાં મૂર્તિ જીવમાં રહેશે, ત્યારે કારણ શરીર નાશ પામી જશે ને ભગવાન, અખંડ જીવમાં રહેશે ત્યારે તમને ઘણું સુખ આવશે. ને કોઈ દાડો એ સુખ ટળશે નહિ ને નિરંતર સુખ સુખ જ રહેશે.

આ પ્રસાદી યુક્ત વાતથી શ્રીજી મહારાજે કહ્યું કે ધ્યાનથી કર્મ અકર્મ બની જાય છે, ધ્યાનયોગમાં એકાગ્રતા અને અભ્યાસનું મહત્વ ઘણું છે. ધ્યાન કરવામાં નિષ્ફળતા એ જ સફળતા છે. આ નિષ્ફળતા કષ્ટ દેનારી નહિ પણ કષ્ટ હરનારી છે, સફળતા નિષ્ફળતા આપણા હાથમાં નથી પણ મથામણ કરવી તે આપણા હાથમાં છે.

# "સત્સંગિ જીવનનું સાત્વિક જ્ઞાન"

- પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)

''सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्त विभक्तेषु तज्जानं विद्धि सात्विकम् ॥''
''सत्यम् शिवम् सुंदरम्.....''

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન સહ...

''सत्यम् शिवम् सुंदरम्'' આપણા સત્સંગી જીવનમાં શું છે ? તો

धर्मभक्ति मये तात रु माता भये पुत्र श्रीहरि साक्षाता ।
धर्मबंस सुरपूजीत ताते, बंदत सुरमुनि मिलि हरखाते ॥

શ્રી હરિ સહજાનંદ સ્વામી જે હરિકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા, જે કોટિ બ્રહ્માંડોનું નિયમન કરે છે. શ્રી હરિ વચનામૃતમાં સર્વોપરિ ભગવાનની વાત કરે છે ''પવનની ગતિ તથા સૂર્યનો ઉદય અસ્ત અગ્નિની દાહક શક્તિ એ બધું અને મારી ઈચ્છા પ્રમાણે જ 'મૃત્યુ-કાળ પોતાનું કામ કરે છે. એવા આપણને ઈષ્ટદેવ અને સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામી શબ્દોમાં મળ્યા છે તેજ અતિશય સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે. અને આવા પ્રગટ ભગવાનનો જેનો દૃઢ આશ્રય છે તે તો નિર્ભય છે. અને તેવા સત્સંગીને મૃત્યુનો કહેતા તો યમનો ક્યારે ભય નથી અને **જે પુરુષ ધર્મકુળાશ્રિત છે અને ભગવાનમાં એક મનવાળો છે તે સર્વથા દેહ છતાં (સતી દેહે) ભગવાનના ધામમાં છે.** માટે આપદ્‌કાળમાં પણ ભગવદાશ્રયનું દૃઢપણું તે નિશ્ચયપણે રાખવું. અને સંતોના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય છે. જે અપરાધ ભગવાન સહન કરતા નથી, માટે સત્પુરુષોનો દ્રોહ ક્યારેય ન કરીએ તો સત્સંગી જીવનમાં અક્ષરધામની પ્રાપ્તિ અને ત્રિવિધ તાપના સંકટોથી શ્રી હરિ રક્ષા કરે છે. અને તેમાં સ.ગુ.પ્રેમાનંદ સ્વામી કહે છે તે વાતનું ઊંડું રહસ્ય - સત્સંગના જાણપણાથી મંદિરના દરવાજે પગ માંડતાં સમજવું તે સત્ય છે તે કયું સત્ય ?

धर्मबंसी घर आजु कल्याना, तेहि बिना प्रानी भ्रमत भव नाना ।
धर्मबंसी बिना आन उपासे, ता कर जन्म मृत्यु नहि नासे ॥

આજે ધર્મવંશી એવા શ્રી સ્વામિનારાયણના શરણે જવાથી જ કલ્યાણ થાય છે. માટે ધર્મકુળમાં પ્રગટ થયેલા શ્રી હરિ વિના અન્યને ઉપાસવાથી આંત્યંતિક કલ્યાણરૂપ મોક્ષ થવાનો નથી.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, તે વાતનું જ્ઞાન-આત્મા પરમાત્માના સંબંધનું જાણવું તે શિવમ્ છે. પરમાત્માની સ્પર્શેલી વસ્તુ આખા બ્રહ્માંડમાં ન મળે, પરમાત્માનો સ્પર્શ જેને થયો હોય એવી ચીજો સૂર્યનો ઉદય થાય અને અસ્ત થાય ત્યાંથી અસ્ત સુધી ફરી વળો તોય ન થાય એવી ઉત્તમછે. જે શ્રી હરિના ધર્મકુળાશ્રિત હરિભક્તો માટે પ.પૂ. પ્રાતઃ સ્મરણીય ગુરુવર્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ''શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'' સૌ હરિભક્તોના મોક્ષાર્થે - શ્રી હરિનું અર્ચા સ્વરૂપનું સાક્ષાત્-ધ્યાન થયા કરે એવું ''અલૌકિક મ્યુઝિયમ'' ધરતી પર ખડું કરી આપણી ગુજરાતની ધરાની અનાદિ-કાળની ધાર્મિક સ્વરુપની શ્રી હરિના સ્વરુપની ભક્ત જીવનની શૈલી કેવી હોય ? તેનું દર્શન પોતાના વાનપ્રસ્થાશ્રમજીવનમાં ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં નિરપેક્ષ ભાવથી પોતાના સ્વ પરિવાર પ્રત્યે મોહ રાખ્યા વિના જેની કિંમત કદી બ્રહ્માંડોના દેવો પણ આંકી ન શકે તેવી '' શ્રી હરિના સ્પર્શવાળી અમૂલ્ય ભેટો જે પોતાના વારસામાં મળી છે, તે સંપ્રદાયના ચરણે ધરી દીધી છે.'' ''ईशावास्यम् इदम् सर्वम् तेन त्यक्तेन मुंजीथा'' ''ત્યાગીને ભોગવી જાણો મા વાંચ્છો ધન અન્યનું.'' ઉપનિષદનો સિદ્ધાંત સ્વજીવનમાં પૂરવાર કર્યો છે. તેમાં શ્રીહરિનું અપરસ્વરુપનાં દર્શન છે. આ વાત સમજવી એ જ ''सत्यम् शिवम् सुंदरम्'' છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીનું જીવન મારી દૃષ્ટિએ દિવ્ય કહું તો હું પામર જીવ ક્યાં અગાધ સમુદ્ર અને ક્યાં જળનું એક બિંદુ - પણ શ્રીહરિના ધર્મવંશની પવિત્રતા, શુદ્ધતા, સત્યતા, गतस्मयः નિર્મળતા - નમ્રતા અને ''ॐ वाग्मिने नमः'' કહેતા શ્રી હરિના ''मदूवाणी मदूरदप्म'' નાં દર્શન એટલે શ્રી હરિની આજ્ઞા પ્રમાણે ''જેમાં ભક્તોનું હિત છતાં તે મધુર હોય, હિત અને પ્રિય બે સાથે ભાગ્યે જ હોય છે. જે શ્રી હરિની સત્ય વાણી છે તે हितं मनोहारी च दुर्लभं बचः'' તેમના પ્રમુખેથી સદાકાળ સંભળાય છે. તેમાં શ્રી હરિના અપર સ્વરૂપનાં દર્શન થાય છે. અને શ્રી હરિના સમકાલીન સંતોની વાણી-વચનામૃતો - સત્સંગિ જીવન તથા શ્રી હરિના મુખની વાણી શિક્ષાપત્રી આજ્ઞા સહ જે સંતો વર્તે છે - તેમનાં દર્શન શિવમ્ છે.''

''धर्मवंश पुनि हरि कर संता, तिनकर शरन ग्रहत बुधिवंत
सो जानत चतुर परबीना, अपना काज सुधारी लेना ॥''

શ્રી હરિના સત્સંગી માટે - આ સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચી કમાણી સાચવવી

-શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સુંદર મજાનું નદી કાંઠાનું ગામડું હતું. ત્યાં દરેક જ્ઞાતિના જનોનો વસવાટ હતો. ઘણાં ખેતી કરતા, ઘણાં હાટડી માંડી નાનો-મોટો વેપાર કરતા અને અન્ય નાની-મોટી નોકરી કરી ગુજરાન ચલાવતા. ગામમાં સંપ સારો, સદ્‌ભાવ સારો અને મહેનતુ વર્ગ મહેનત કરે, સાંજે ઘેર આવે. ઘરમાં થોડીક અલક-મલકની વાતુ કરી અને સાંજે વાળુ કરી સૂઈ જાય. કોઈની નહિ આઘી કે નહિ પાછી બધા સુખેથી જીવે.

આ ગામમાં મનજીભાઈનો દીકરો ધનસુખ બીજા કરતાં થોડુંક વધારે ભણ્યો એટલે આવું સુંદર રળિયામણું ગામપણ તેને ગમવા ન લાગ્યું અને શહેરમાં જવાના મનસૂબા જાગ્યાં. ધનસુખે પિતા મનજીભાઈને વાત કરી, પિતાજી ! મારે વધુ અભ્યાસ કરવા શહેરમાં જવું છે. પિતાજીએ કહ્યું, આપણા ગામમાં શાળા છે, કૉલેજ છે વળી શિક્ષણવિદો પણ સારા છે. શહેરમાં તું જાય - રહેવા જમવાની તકલીફ પડે, વળી ખર્ચ પણ વધી જાય. માટે શહેરમાં ન જાય તો સારું. અહીં તને જેટલું ભણવું હોય એટલું ભણાવીશ. ન ભણવું હોય તો ખેતી કરીશું અને શાંતિથી જીવીશું. શહેરનો આખો રોટલો ખાવા નથી જવું. પણ આ તો ધનસુખ માન્યો નહિં એટલે મનજીભાઈએ થોડી ઘણી સગવડ કરી આપી શહેરમાં મોકલ્યો અને શિખામણ આપી શહેરની ઝાકમઝોળમાં તણાતો નહિ, મન દઈને ભણજે.

ધનસુખ શહેરમાં ગયો - સારું ભણ્યો અને સંસ્કારી પુત્ર હતો એટલે અભ્યાસ સાથે એકાદી નોકરી પણ શોધી લીધી જેથી પિતાજીને કષ્ટ ઓછું પડે. આમને આમ અભ્યાસ પૂર્ણ કરી - તેમની યોગ્યતાના આધારે એ જમાનામાં થોડા મોટા પગારની નોકરી બીજા શહેરમાં મળતી હતી એટલે ત્યાં ગયો. ત્યાં પાંચ-સાત વર્ષ કમાયો. ધનસુખે બચત પણ કરી. હવે એમને માતા-પિતા, ભાઈ-બહેનો યાદ આવ્યાં. વતનમાં જઈને અથઃ થી ઈતિ બધી જ વાત કરીશ. કેવી રીતે ભણ્યો ? કેવી રીતે નોકરી શોધી - બધા અનુભવો અને છેલ્લે આ મોટા પગારની નોકરીની વાત કરી બધાને રાજી કરીશ. બધા માટે નાની-મોટી યોગ્યતા પ્રમાણે ભેટ આપવા વસ્તુઓ પણ લીધી. શેઠ પાસેથી રજા મંજૂર કરાવી ધનસુખ વતનમાં આવવા નીકળી પડ્યો.

એ વખત એવો હતો ત્યારે વાહન-વ્યવહારના અત્યારનાં જેવા સાધનો ન હતા. એટલે ગાડામાં કે પગપાળા ચાલીને જવું પડતું. વળી રૂપિયા બે-ત્રણ હજાર બચાવેલા તે પણ સાથે હતા. રસ્તામાં લૂંટાવાની બીક પણ રહે એટલે જિંદગીની કમાણી થેલી-કપડામાં આડી અવળી લપેટી લીધી. અને એક બગલ થેલો બનાવેલો તેમાં રાખી અને વાટ ખર્ચી માટે ઘડીએ ઘડીએ રકમ કાઢવી ન પડે એટલે પરચૂરણ ખર્ચ કરવા માટે એ જમાનામાં ચલણમાં ''કોડી'' નાનામાં નાનું નાનું ગણાતું. ૧ રૂપિયાની એકસો કોડી મળે એટલે આ ધનસુખભાઈએ ૧ રૂપિયાની ૧૦૦ કોડી લીધી.

રસ્તામાં રાત પડે ત્યાં રોકાય, જમવા માટે અને રાત રોકાવા માટે ૧૦ કોડી આપે અને ઠાઠથી રોકાઈ જમી પરવારી સવારે ચાલતી પકડે. પણ બગલ થેલો જીવની જેમ સાચવે. એમકરતાં ચાલતાં ચાલતાં આવા પાંચ સાત મોટા ગામ આવ્યાં. જ્યાં રહેવા-જમવાના પૈસા આપવા પડતા અને ૧૦-૧૦ કોડી આપે, રાત રહે, જમે, રસ્તામાં ચા-નાસ્તો પણ કરે. એમ કરતાં કરતાં લગભગ ગામની નજીક આવી ગયો. રાત પડી ગઈ એટલે નજીકના ગામમાં રાત રોકવાની ૧૦ કોડી આપતાં તેની પાસે બે કોડી બચી - કાંઈ વાંધો નથી. હવે પછીનું ગામ મારું જ છે ને ! એટલે ઘરે જવાની ઘેલછા અને ઉતાવળમાં મોં સૂઝણું થાય તે પહેલાં ઉઠીને ચાલવા માંડ્યો. બે ગામના સીમાડા નજીક આવી ગયા હતાં ત્યાં તેને યાદ આવ્યું. પેલા ગામમાં રાત રહ્યો હતો ત્યાં મારી બે કોડી રહી ગઈ. હવે શું કરું ? પાછો જાઉં તો લૂંટાવાની બીક છે. ન જાઉં તો બે કોડી જતી કરવી પડે. ગડમથલ ચાલતી હતી ત્યાં વિચાર આવ્યો ! હજી મોં સૂઝણું થયું નથી. માણસોની અવર-જવર પણ નથી. લાવ ત્યાં ઝાડ નીચે ખાડો ખોદી આ બગલથેલામાં જિંદગીની કમાણી છે તે સંતાડી દઉં. - નિશાની રાખી અને થેલો ખાડામાં દાબી પાછો ગયો. ત્યાં પેલા લોકોએ કહ્યું, ''ભાઈ, પાછા કેમ આવ્યાં ? ભાઈ મારી બે કોડી રહી ગઈ છે. જોઈલો હજી તમારી રૂમ એમની એમ પડી છે. હોય તો લઈલો. અંદર ગયો. જ્યાં રાખી હતી ત્યાં જ બે કોડી હતી. લઈને પાછો વળ્યો, મનમાં થોડો મલકાયો, હાશ બે કોડી

મળી તો ખરી ! અને ઘરના વિચારો કરતાં કરતાં નિશાનીવાળા ઝાડ પાસે આવ્યો અને જ્યાં ખાડો ખોદી જિંદગીની કમાણીવાળો બગલ થેલો સંતાડ્યો હતો ત્યાં જોયું તો ખાડો ખોદીને કોઈ બગલ થેલો લઈ ગયું હતું. ધનસુખને આંખે અંધારા આવી ગયાં. સિયાં વિયાં થઈ ગયો. આ બે કોડી લેવામાં જિંદગીની બધી કમાણી ગઈ. રડમસ ચહેરે ઘરે આવ્યો.

મિત્રો ! નથી લાગતું આપણે પણ બે કોડી માટે આ અમુલખ જિંદગી વેડફી નાંખીએ છીએ. અમૂલ્ય મનુષ્ય અવતાર શ્રી હરિએ આપણને આપ્યો. ભજન-ભક્તિ, સત્‌કર્મ-સેવાની કમાણી કરવા અને આપણે લોભ-મોહ-વ્યસન-કામ-ક્રોધાદિક તેમજ ફેલ-ફતૂરરૂપી બે કોડી માટે સત્‌કર્મ-ભજન-ભક્તિ-સંત સમાગમ, સત્સંગ વગેરે કમાણી ખોઈએ છીએ. આ વાત આપણા બ્રહ્માનંદ સ્વામીએ કહેલી છે.

''કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, રામરતન ધન ખોયુંજી''

આ મનુષ્ય અવતાર શ્રીહરિની કૃપાથી મળ્યો છે તો સત્સંગ અને સંત સમાગમ કરી લેવો. શ્રી હરિએ ચિંધેલો અને ઉપદેશેલા રસ્તે ચાલી જિંદગીની કરેલી સાચી કમાણીને સાચવીશું તો ધનસુખના જેવી સ્થિતિ આપણી નહિ થાય.

### ભવસાગર તરવાનો સરળ ઉપાય

-સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

રાવણ સાથેના યુદ્ધ માટે રામની વાનર સેના પુલ બાંધે છે. રામનું નામ લેતા જાય છે ને મોટા મોટા પથ્થર ઉંચકીને સમુદ્રમાં નાખતા જાય છે. જોતજોતામાં પુલનું કામ પુરૂ થવા આવ્યું. આ તો વાનરસેના રામની સેવા જાણી રાત-દિવસ મંડ્યા રહ્યા.

આ બાજુ રાવણની નગરીમાં ચર્ચાઓ થવા માંડી. વાત રાવણ અને મંદોદરી સુધી પહોંચી. રામની સેનાએ યુદ્ધ માટે સમુદ્રમાં પુલ બાંધ્યો તે પણ પથ્થરનો, રામનું નામ લે છે અને પથ્થરા તરે છે.

આ વાત સાંભળી મંદોદરીએ પતિને મહેણું માર્યું જોયું રામ નામે પથ્થરા તરે છે. તમારા નામે કોઈ તર્યું ? રાવણ કહે છે. અરે મંદોદરી તને શું ખબર પડે મારા નામથી પણ પથ્થરા તારી દઉં. મંદોદરીએ કહ્યું : પથ્થરા નહીં એક નાની કાંકરી તરતી કરી દો બહું થઈ ગયું.

રાવણ કહે : ચાલ ત્યારે અત્યારે જ તને બતાવી દઉં. રાવણ અને મંદોદરી સમુદ્રના કિનારે આવે છે. રાવણ હવે મુંઝાય છે. મારી આબરૂનો સવાલ છે. જો પથ્થર નાખું ને ન તરે તો ? મંદોદરી કહે : પતિદેવ શું વિચાર કરો છો. નાંખો પથ્થર ! રાવણે હાથમાં એક નાની કાંકરી લીધી. સમુદ્રના જળની સપાટી પર મુકતા મુકતા ખૂબ વિચાર કરે છે. મારા નામે કોઈ ના તરે પથ્થર પણ નહિ પણ હવે કરવું શું ? ત્યાં મનમાં રામનું નામ લઈ પથ્થર જળની સપાટી પર મુક્યો અને તે પથ્થર તરવા લાગ્યો. પથ્થરને તરતો જોઈ મંદોદરીના આનંદનો પાર ન રહ્યો. તે ખુશ ખુશ થઈ ગઈ. વાહ ! મારા પતિના નામે પથ્થર તરે છે. હું નગરમાં દાંડી પીટાવીને કહીશ. રાવણ હવે ફસાયો. મંદોદરીને કહે છે તું ઉતાવળ ન કરીશ. ના ના રાક્ષસરાજ ! હવે આ વાત છાની શા માટે રાખવાની. રાવણ મુંઝાયો મારા નામે મારી પ્રજા પથ્થર નાખશે. દરિયામાં તે તો ડૂબવા ના જ. તો મારી આબરૂ કાંઈ નહી રહે. માટે સાચું કહી દેવામાં જ સલામતી છે. રાવણે મંદોદરીને પોતાની પાસે બોલાવી. જરા ઓરા આવો, રાવણે મંદોદરીની કાન સમીપ જઈ કહ્યું : એ પથ્થર મેં રામનું નામ લઈને જ દરિયામાં મુક્યો હતો. માટે તરી ગયો. મંદોદરી કહે : એ તો હું જાણતી જ હતી. તમારા નામે તો વહાણે ડૂબી જાય તેવા છે. પથ્થર તો ક્યાંથી તરે.

આ વાત સુગ્રીવના ગુપ્તચરો જાણી ગયા. અરે, રાવણ પણ રામનું નામ લઈ પથ્થરને તરતા મૂકવા લાગ્યો છે. આ વાતની જાણ ગુપ્તચરોએ રામને કહી પ્રભુ તમારા નામથી પથ્થર તરે છે. તે રાવણ પણ જાણી ગયો.

ત્યારે પ્રભુની મુંઝવણ વધી ગઈ. મનાતું નથી કે આ શું સંભળાય છે. મારા નામે પુલ બંધાય છે. મારા નામે રાવણે પથ્થર તરતો મૂક્યો શું વાત સાચી હશે ! ભગવાન શ્રી રામચંદ્રને ઉંઘ નથી આવતી. રાત્રી બેચેની અને વિચારોના વમળમાં વિતવા લાગી. મધ્યરાત્રી થઈ બાર વાગ્યા. પ્રભુએ વિચાર્યુ. લાવતો ખરા, જરા હું જાતે ચકાસી જોઉ, પ્રભુ છાવણીમાંથી ધીરે રહી કોઈ જાગી ન જાય, કોઈ જોઈ ન જાય તેવી રીતે છાનામાના ચોરી છૂપીથી બહાર સમુદ્ર તટે આવી પહોંચ્યાં. હાથમાં નાની પથ્થરની કાંકરી લીધી. નાની કાંકરી સામે નજર કરી વિચાર કર્યો મારા નામે મોટી શીલાઓ તરી છે. તો આ નાની કાંકરી તો અચૂક તરશે. ભગવાન શ્રીરામચંદ્રજીએ કાંકરી દરિયામાં ફેંકી પણ આ શું કાંકરી સપાટી ઉપર તરવાના બદલે ડુબી ગઈ. શ્રીરામજી શરમિંદા બની ગયા. અરેરે ! મારા નામે પથ્થરનો પુલ તરે છે ને મેં નાની સરખી કાંકરી નાંખી એ તો ડુબી ગઈ. પ્રભુ શ્રીરામ આજુબાજુ નજર કરે છે કે કોઈ મારી આ ક્રિયાને જોઈ તો નથી ગયું ને !

ત્યાં તો સેવક શ્રી હનુમાનજી મહારાજે ઝાડ ઉપરથી કૂદકો મારી પ્રભુનાં ચરણ પકડ્યા. પ્રભુ તમે આ શું કર્યું અને તમારું મુખ આવું શરમિંદું કેમ દેખાય છે ?

હે હનુમાન ! મારા નામથી મોટા પથ્થર તરે છે, પુલ બંધાય છે ને ! મેં કાંકરી નાંખી તે ડૂબી ગઈ. આ શું થયું ? હનુમાનજી મહારાજ કહે છે : પ્રભુ ! એમાં મુંઝાઓ છો શા માટે ? તમે જેને તરછોડી દો (ફેંકી દો) તે તો કોઈ કાળે તરી શકે નહીં. રામના નામે પથ્થર જેવા પણ તરી જાય, પણ રામજેને તરછોડે તે તો ડૂબી જ જવાના. પ્રભુ, તમારો સ્વભાવ જીવ માત્રના હાથ પકડી તારવાનો છે. તમે જો તરછોડી દેશો તો પછી તેને કોઈ તારી નહી શકે.

કેટલી સુંદર વાત છે ! જો આ સંસાર સાગરમાં તરતા રહેવું હોય, ડુબવું ન હોય તો નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે :

પાર ઉતાર્યા પરિશ્રમ વિના, બેસી નામરૂપી નાવ,
જે જને જપ્યા જીભથી, તે તરી ગયા ભવ દરિયાવ.

ભગવાનનું નામ સ્મરણ જ ભવસાગર તરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. અને ભગવાનનો એવો દૃઢ આશ્રય રાખીએ કે ભગવાન આપણને ક્યારે પણ છોડે નહિ. જો આટલું થાય તો જીવન સફળ.

## હળવદ ગામે પારાયણ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન માંથી

પ્રકૃતિને માન આપે તે જ સાચી રીતે જોઈ શકે છે. પ્રકૃતિ સાથે ચેંડા કરનાર દુઃખી થાય છે.

''કંઠી પહેરવી કઠણ છે આકરી છે.
ફૂલહાર પહેરવો સહેલો છે સારૂ લાગે.''

ઉપરની વાત પૂજ્ય મહારાજશ્રીએ પ્રત્યક્ષ સભામાં બનેલી ઘટનાની સાથે કરેલી. સભામાં આઠ-દશ વરસનો નાનો બાળક પૂજ્ય મહારાજશ્રી પાસે પગે લાગવા આવ્યો. પૂ. મહારાજશ્રીએ તે બાળકને કંઠી પહેરાવી. પછી બાળક નીચે સભામાં જઈ વળી પાછો પૂજ્ય મહારાજશ્રી પાસે પગે લાગીને ઉભો રહ્યો. પૂ. મહારાજશ્રીએ પૂછ્યું વળી પાછો કેમ આવ્યો ? ત્યારે નાના બાળકે કહ્યું : મેં કંઠી કાઢી નાંખી છે, મારે ફુલનો હાર પહેરવો છે. મહારાજશ્રી આ બાળ હૃદયને સમજી ગયા અને બાળકને સુંદર હાર પહેરાવ્યો. પૂ. મહારાજશ્રીએ કંઠી પહેરવી કઠણ છે આકરી છે પણ ફુલ હાર પહેરવા સારા છે. સારૂ લાગે. એ પ્રમાણે આ વાત પ્રત્યક્ષ બાળકના ઉપરથી આશીર્વચનમાં કરેલ. તેમજ સત્સંગીના દીકરા દીકરીઓમાં સારા સંસ્કાર રહે તેમ કરવું. ગુરૂ ૧૨ બાર આના પાળશે તો ચેલો ૪ ચાર આના પાળશે તેવી વાત કરી. તેમજ છેલ્લે પૂજ્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું કે, ભગવાનની આજ્ઞામાં રહેવું આપણી બુદ્ધિનો બહુ ઉપયોગ ન કરવો.

(અનીલ બી. દૂધરેજીયા ધ્રાંગધ્રા)

## આપણા આગામી ઉત્સવો

**જેઠ વદ-૧૨ :** તા.૧૬-૬-૧૨ શનિવાર વડનગર મંદિર પાટોત્સવ.

**અષાઢ સુદ-૪ :** તા.૨૩-૬-૧૨ શનિવાર અયોધ્યા મંદિર પાટોત્સવ.

**અષાઢ સુદ-૧૫ :** તા.૩-૭-૧૨ મંગળવાર ગુરુપૂર્ણિમા શ્રી નરનારાયણ દેવ દેશના સમસ્ત સંત-હરિભક્તો, અમદાવાદ મંદિરમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરશે. જેતલપુર મંદિરમાં સમૈયો.

**અષાઢ વદ-૨ :** તા.૫-૭-૧૨ ગુરૂવાર હિંડોળા પ્રારંભ-દર્શન.

**અષાઢ વદ-૧૦ :** તા.૧૩-૭-૧૨ શુક્રવાર આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો જન્મોત્સવ અમદાવાદ કાલુપુર મંદિરમાં ઉજવાશે.

# આનંદની હેલી

### વિજાપુરમાં બાવા બન્યા

(શા. હરિજીવનદાસજી - હિંમતનગર)

વિજાપુરના વજીબા બહુ સારા સત્સંગી હતા. ભક્તિભાવ બહુજ હતો. અને ભેખમાં ભગવાન દેખે. ઘેર કોઈપણ બાવા, વૈરાગી આવે તો ઉતારો આપતા. એટલું જ નહિ પણ તેમના માટે ગાંજો અને ભાંગની પણ વ્યવસ્થા કરતા. પણ જ્યારથી સ્વામી રામદાસભાઈનો સત્સંગ કર્યો ત્યારથી સ્વામિનારાયણ ભગવાનમાં દૃઢ ભક્તિ થઈ.

એકવાર સ્વામિનારાયણ ભગવાન સ્વયં બાવાજીના વેશે વજીબાને ઘેર ગયાં. સાંજનો વખત હતો. આજે પ્રભુને થોડો આનંદ વિનોદ કરવાની ઈચ્છા થઈ. એટલે એક નવીન ચરિત્ર કર્યું. સાથે મકુંદ બ્રહ્મચારી હતા. નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ ! અરે ઓ માજી ! આપને ઘેર ઉતારા-પાણીની વ્યવસ્થા કરો. વજીબાએ સ્પષ્ટ કહી દીધું અહીં નહિ, ગામમાં બીજે ક્યાંક માંગી ખાઓ. તમારા જેવા ધૂતીને પેટ ભરનારા ઘણાય આવે છે. ખાવા ન મળ્યું એટલે સાધુ થઈ ગયા. ખાઈ પીને શરીર કેવું વધાર્યું છે. આનાથી કાંઈ જીવનું કલ્યાણ થવાનું છે ? જો કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણનો આશરો કરો અને ભજન કરો.

બાવાજી વેશમાં પ્રભુ મનમાં થોડું હસ્યા. અરે માઈ ! તમે ભોળા છો. તમને કોઈકે ભરમાવ્યા લાગે છે. બાકી સ્વામિનારાયણની વાત ન કરશો. એ તો જબરા પાખંડી છે. એણે બાબરો ભૂત વશ કર્યો છે. અને આખા જગતને ભરમાવે છે, તેની પ્રસાદી ખાય એ બધાં ગાંડા થઈ જાય છે. વજીબા કહે, ચાલ, ચાલ બાવા, આવા ખોટા ગપ્પા શું હાંકો છો ? સ્વામિનારાયણ તો અનંત કોટી બ્રહ્માંડના પતિ છે. ધર્મની સ્થાપના કરવા તથા અધર્મનું ખંડન કરવા ધરતી પર પ્રગટ થયા છે. ''અરે ! આ હળાહળ કળિયુગમાં ભગવાન હોય જ નહિ.'' માજી કહે શું ન હોય ? ભગવાનને ઓળખવામાં બુદ્ધિનું કામ નથી. એ તો પ્રભુની કૃપા અને પૂર્વના સંસ્કાર હોય તો જ ઓળખાય. એ સિવાય ન ઓળખાય. અરે, ચાલ માઈ, આ બધી ખોટી ભ્રમણા છે. પ્રભુએ અવળું જ કહેવા માંડ્યુ તો માજી ઉકળી ઉઠ્યા. અરે, જા તું ખોટો ને તારો ગુરૂય ખોટો. અમે તો માથું જાય તોય સ્વામિનારાયણને નહિ મૂકીએ. તમે અહીંથી જાઓ છો કે નહિ ? પ્રભુ કહે અમે તમારા ઘરની ઓસરીમાં પડ્યા રહીશું અને લાકડી લઈને મારશો તોય જઈશું નહિ. માજી કહે પડી રહેવાનો વાંધો નથી, પણ આસન કે ખાવાપીવાનું કંઈ નહિ મળે અને ભૂલેચૂકે જો બીડી કે ચલમ પીતાં દેખશું તો તમારો લબાચો બહાર ફેંકી દઈશું. કારણ કે, અમે સ્વામિનારાયણના સત્સંગી છીએ. અમારા ઘરમાં બીડી કે ચલમ પીવાય જ નહિ, હા, હા નહીં પીએ. પણ ભૂખ બહુ લાગી છે. તો કંઈ તૈયાર ભોજન હોય તો આપોને. વજીબા ફરીથી ઉકળ્યા. બાવો થયો છે ને પાછું તૈયાર ભોજન ખાવું છે. તો પછી બાવો શું કામ થયો ? લેવો હોય તો લોટ આપું. નહિ, નહિ લોટમાં શું ખાવું ? તો શું ખાવું છે ? જુઓ માઈ, તમારા ઘરમાં પૂજાના રૂમમાં ડબ્બામાં અઢાર લાડુ છે, એ લાવોને. આ સાંભળીને વજીબા ચમક્યાં ! બાવાને લાડુની ક્યાંથી ખબર પડી ! ઘરમાં ગયા. લાડુ ગણી જોયાં. તો પૂરા અઢાર ! થોડા પીગળ્યાં. બબ્બે લાડવા લઈને પ્રભુને તથા મુકુંદ બ્રહ્મચારીને જમાડ્યાં.

જમ્યા પછી પ્રભુ કહે, માજી હવે કાંઈક પલંગ જેવું લાવોને જમીન ઉપર તો કાંકરા ખૂંચે છે. વજીબા કહે, મારા ઘરમાં ક્યાંય પલંગ નથી ક્યાંથી આપુ ? અરે માઈ, તારા ઘરમાં બીજા ઓરડામાં પલંગ પડ્યો છે તે આપ. આ સાંભળીને વજીબાને નવાઈ લાગી. તરત પલંગ કાઢી આપ્યો, ભગવાન વારા ફરતી એક એક વસ્તુ માંગવા માંડ્યા, માઈ, પાથરવા માટે એક ગોદડુંય આપોને. વજીબા કહે, તું અમને શા માટે હેરાન કહે છે ? ઘરમાં જેટલા ગોદડા હતા તે અમે પાથર્યા છે. બીજા વધારે ક્યાંથી લાવવાં ? જુઓ, બા હમણાં તમે નવા ગોદડાં બનાવ્યાં છે તેમાંથી આપોને. આ બાવો ઘરમાં પડેલી વસ્તુ કઈ રીતે દેખે છે ? એમ આશ્ચર્ય પામતાં માજીએ ગોદડાંય લાવી આપ્યાં.

રાત્રે પ્રભુ પોઢી ગયાં. અડધી રાત્રે વજીબાએ ધીમે રહીને બારીમાંથી જોયું તો અધધધ... પ્રભુએ પલંગમાંથી પોતાના ચરણ પીપળા સુધી લાંબા કરેલા. બાપરે... આ કોણ હશે ?! ચાહે તેવા ચમત્કારિક પુરુષ હોય કે સિદ્ધ હોય, પણ મારે તો - સ્વામિનારાયણ સિવાય ક્યાંય માથું નહિ નમે, અને વજીબા સૂઈ ગયા.

વહેલી સવારે ભગવાન તો ચાલતા થયા. સવારે ઘરમાંથી બહાર આવીને જોયું તો પલંગ ખાલી. પરંતુ કૂવાના કાંઠે ઉગેલો પીપળો પ્રભુએ પોતાના ચરણ વડે સ્પર્શ કરીને ખસેડી દીધેલો. જેથી પીપળાને સુગમતાથી પ્રદક્ષિણા કરી શકાય, વજીબાના સગા વિસનગરના સુબાએ કહેલું કે જો તારા સ્વામિનારાયણ ભગવાન હોય તો પીપળો ખસેડી દે. માજીને આખીયે વાત યાદ આવી ગઈ. અને વજીબા પસ્તાયાં... અરેરે.... મારા ઈષ્ટદેવને મેં તો કેવીય ગાળો દીધી ! હશે, થોડું જમવાનું ને ઓઢવા - પાથરવાનું તો આપેલું જ ને !

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"આપણે આપણા પર દયા કરવી છે."**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ- ઘોડાસર)

જીવાત્મા પરમાત્માનો અંશ છે, એટલે પરમાત્મા છે ને તે અંશી છે. તો અંશ જ્યારે અંશીથી જુદા પડે તો અંશીને કાંઈ ફરક પડતો નથી. તેને આપણે દૃષ્ટાંતથી જોઈએ તો જેમ સમુદ્ર ને કાંઈ ફેર પડશે ? નહિ પડે. તેમ બૂંદ છે ને તે જીવાત્મા છે અને સમુદ્ર છે ને તે પરમાત્મા છે. તો પછી સવાલ એ થાય છે કે, જીવાત્મા પરમાત્માનો અંશ છે તો તેને માયાનુ બંધન કેમ થાય છે ? તો જીવાત્માને ક્યારે પણ બંધન થતું જ નથી. કેમ કે ? આત્મા છે ને તે અનાદિ મુક્ત જ છે. પરંતુ બંધન કોને થાય છે ? તો મન અને અહંકારને થાય છે. બંધન કેમ થાય છે ? તો અજ્ઞાનતાને લીધે થાય છે. તો અજ્ઞાન એટલે શું ? તો સાચી સમજના અભાવને અજ્ઞાન કહેવામાં આવે છે. આ સંસારમાં કયાં સાર (શું સાચું) છે. અને કયાં અસાર (શું ખોટું) છે. તે સમજી રાખવાનું છે. જેમ શિકારી વાંદરાને પકડવા માટે માટલીમાં ચણા નાંખે છે. તો વાંદરા ચણા લેવા માટે માટલીમાં હાથ નાંખે છે. ફસાઈ જાય છે. અને વાંદરાને એવુ થાય છે કે, માટલીમાં કોઈક છે જે મને બાંધી રાખે છે. અને ચણા માટે પણ એટલી જ આસક્તિ છે. માટે હાથ બહાર નીકળતો જ નથી. જો ચણાને છોડી દે તો હાથ નીકળી જાય પણ ચણા પણ છૂટતા નથી. તેમ જીવાત્માનું પણ એવું જ છે. સંસાર છે તે માટલી છે અને ચણા છે તે સંસારના વિષયોનું સુખ છે. અને મન છે ને વાંદરાની જગ્યાએ છે. માટે જ શાસ્ત્રોમાં મનને વાંદરા જેવું ચંચળ કહ્યું છે. વાંદરો જેમ માટલીમાં રહેલા ચણાને પકડવા દોડે છે તેમ માણસ વિષય સુખને પકડવા દોડે છે અને સંસારમાં બંધાઈ જાય છે. જીવાત્માને બંધન થાય જ નહિ પણ માયા મનને બાંધી દે છે. વિષય સુખ એટલુ વહાલું લાગે છે કે છોડવું જ નથી અને મુક્તિ પણ જોઈએ છે. તો મુક્તિ જોઈતી હોય તો મુઠ્ઠી ખોલવી પડે. દેહથી સંસાર છોડો તેનો વાંધો નથી મનને વિષયમાંથી અનાસકત રાખીને સમજથી સંસાર છોડવાનો છે. અને મનને દુર્જનનો, કુસંગનો રંગ જલ્દી લાગે છે. માટે મનને સત્સંગમાં જોડી રાખવાનું છે. બાળક જ્યારે નાનું હોય છે ત્યારે એકદમ નિષ્કપટ હોય છે. મોટુ થયા પછી સંસારમાં જેવું જુએ છે તેવું શીખે છે. માટે કુસંગના સંગથી સત્સંગ નાશ પામે છે. જીવાત્માને ધન-દોલત સંસાર-વ્યવહાર આ બધું પ્રારબ્ધ-કર્મને અનુસાર પ્રાપ્ત થતું જ હોય છે. પરંતુ પરમાત્મા જીવાત્મા પર અતિશય રાજી થાય છે તો જીવને શું આપે છે ? તો સાચા સંતનો સંગ આપે છે. પરમાત્મા દયા કરે તો જીવાત્માને સત્સંગ મળે છે. તો આપણને બધાને સત્સંગ મળ્યો છે ને? પરમાત્માએ તો આપણા પર ખૂબ દયા કરી જ છે. તો હવે બાકી શું રહે છે ? તો હવે આપણે આપણા પર દયા કરવી છે. તો આપણે આપણા પર દયા કરવા માટે શું કરવાનું છે. તો પ્રથમ તો જીવનમાં માનવતા લાવવાનો પ્રયત્ન કરવાનો છે. અને ત્યાર પછી સિદ્ધાંત નક્કી કરવાનો છે કે, આપણું ધ્યેય શું છે. તો મોક્ષ પ્રાપ્તિ છે. તો પછી એ દિશા પર આગળ વધવાનું છે અને તે પ્રમાણે જીવન જીવવાનું છે. તમે એક વાસણ લો અને સંપૂર્ણપણે રેતીથી ભરી દો પછી તેમા થોડા પથ્થર મુકવા હશે તો નહિ મુકી શકો. પરંતુ તેમાં પહેલા થોડા ઘણા પથ્થર ગોઠવી દેશો અને પછી તેમા રેતી નાંખશો તો રેતી પણ રહેશે. તેમ જીવન છે ને તે ખાલી વાસણ જેવું છે. અને રેતી છે ને તે માયિક પદાર્થની જગ્યાએ છે. પથ્થર છે ને તે સિદ્ધાંતની જગ્યાએ છે.તો તમે સિદ્ધાંત માટે જીવશો તો પણ માયિક પદાર્થ તો તેમા આવવાના જ છે. તે રેતીની માફક સમાઈ જશે, પરંતુ તમે સિદ્ધાંત નક્કી નહિ કરો અને માત્ર માયિક જીવન જીવશો તો તમે ધ્યેય પ્રાપ્તિ સુધી નહિ પહોંચી શકો. તો સિદ્ધાંત નક્કી કરી રાખવાનો અને તે પ્રમાણે જીવન જીવવાનું લક્ષ્ય રાખવાનું એટલે તમારો પ્રતીતિરૂપી તાર છે ને તે તુટી નહિ જાય, જળવાઈ રહેશે. પ્રતીતિ એટલે થોડા સમય માટે તમે માયિક વિષયોમાં ફસાઈ જશો અને તમે જે સિદ્ધાંત પ્રમાણે જીવવાનું નક્કી કર્યું હશે તે ભૂલાઈ ગયુ હશે તો પણ તમને તે વારંવાર યાદ આવી જશે. અંદરથી તમે જે નિર્ણય કરેલો છે તે તમારો અંતરાત્મા તમને વારંવાર યાદ કરાવશે કે તમારે

આ રીતે જ જીવવાનું છે. તેને પ્રતીતિ કહેવાય છે. અને ધ્યેય સુધી પહોંચવા માટે સૌથી સહેલો ઉપાય છે. પરમાત્માએ આપણને દયા કરીને જે સત્સંગ આપ્યો છે તેના સાથે સતત જોડાઈ રહેવાનું છે અને તેના માધ્યમ દ્વારા તમે તમારા ધ્યેય સુધી પહોંચી શકો તેવું આત્મબળ તમને મળે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**સ્વામી શ્રી સહજાનંદ**

(સાં. યોગી. કંચનબા-ધ્રાંગધ્રા)

આપણે ગત અંકમા પ્રભુનુ બાળપણ અને નીલકંઠવર્ણી સુધીની સફરને વાગોળી, હવે આગળ.

પ્રજામાં વહેમના જાળા બંધાઈ ગયા હોય, ભૂંડા આચાર-વિચારોથી પ્રજાની નાડીઓ તૂટી ગઈ હોય, અજ્ઞાન ને નિરક્ષરતાએ પ્રજાને પોતાના પંજામા પકડી રાખી હોય, અને રાજકાજમાં પણ અંધેર પ્રવર્તી રહ્યુ હોય, ત્યારે આશ્ચર્યની છતાં સાચે-સાચી વાત એ છે કે કોઈ એક ધર્મ-ઉદ્ધારક, સમાજ ઉદ્ધારકને, ઈશ્વર અને પરમેશ્વર હોવા છતા મનુષ્યરૂપે જન્મ ધારણ કરવો પડે છે. અને એ જ બસ આપણા પ્રભુની ધર્મ અને સમાજને છેક નીચેથી ઉપરના સ્તર સુધી લઈ જવાની સફર નીલકંઠવર્ણી બન્યા પછી શરૂ થઈ.

પ્રભુ સમગ્ર દેશની પદયાત્રા કરીને ધર્મની સાચી સમજ આપતા આપતા લોજમા પધાર્યા ત્યારે તે રામાનંદ સ્વામીનુ મુખ્ય સ્થાનક હતુ. મુક્તાનંદ અને બીજા શિષ્યો ત્યાં રહેતા હતા, નીલકંઠવર્ણી વાવ પાસે બેઠા હતા ત્યારે મુક્તાનંદ મંડળના એક સાધુ સુખાનંદે અવર્ણ્ય સ્નેહની લાગણી અનુભવી. એમણે નીલકંઠવર્ણીને ક્યાંથી આવ્યા છો વગેરે પ્રશ્નો પૂછ્યા ત્યારે નીલકંઠજીએ કીધું : ‘‘બ્રહ્મપુરથી આવ્યા છીએ, બ્રહ્મપુર જવુ છે, અને જે ત્યાં લઈ જાય, તે જ ખરા મા-બાપ છે. સુખાનંદ તો આ ઉત્તરથી ખૂબજ પ્રસન્ન થઈ તેમને મુક્તાનંદ સ્વામી પાસે લઈ ગયા, અને ત્યાં પ્રભુ અને મુક્તાનંદ વચ્ચે નિર્મળ સ્નેહની અતૂટ ગાંઠ બંધાઈ ગઈ.

સ્વામી રામાનંદજી એ વખતે કચ્છમાં હતા, પણ પ્રભુને મુક્તાનંદ પાસેથી વાતો સાંભળી સ્વામીને મળવાની તીવ્ર ઝંખના હતી. તેથી પ્રભુએ અને મુક્તાનંદે તેમને પત્ર લખી લોજ પધારવા વિનંતી કરી. પત્ર મળતા નીલકંઠની ઈશ્વરપ્રાપ્તિ માટેની વ્યાકુળતા, તેમની સાધના અને ઉત્સાહ જોઈને સ્વામી રામાનંદજી સભા વચ્ચે જ બોલી ઉઠ્યા ‘જેની હું વાટ જોતો હતો, તે આવી પહોંચ્યા છે’. આમ આ શબ્દોથી ગુરૂરૂપે મળેલા સ્વામી રામાનંદે પોતાના શિષ્ય નીલકંઠ એ પોતા કરતા પણ મોટા અને જે અવતારની રાહ પ્રજા જોઈ રહી હતી, તે પ્રભુ પોતે જ પધાર્યા છે, તેવો અણસાર આવ્યો અને પત્રના જવાબમા સંદેશો મોકલ્યો કે ‘જો મોક્ષનો ખપ હોય, તો થાંભલે બાથ ભીડીને પણ રહેવુ પડશે, અને સાથે સાથે મુક્તાનંદની આજ્ઞામા રહેવુ અને લોકાહિતાર્થે પોતાના શરીરની સંભાળ લેવી.’

ગુરૂ આજ્ઞા શિરોમાન્ય ગણી, મુક્તાનંદની આજ્ઞામા રહી નીલકંઠે, રામાનંદ સ્વામીના આવ્યા પહેલા જ પોતાનો પ્રભાવ પાડવા માંડ્યો. સૌ પ્રથમ જ તેમણે સ્ત્રી-પુરુષોની ભેગી થતી સભા અલગ-અલગ કરાવી, ત્યાગીઓએ તો અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવુ જોઈએ. એમ કહી સ્ત્રીઓના દર્શન પણ ન થાય તે સારુ એમ સમજાવ્યુ. ધર્મરક્ષક મર્યાદા એ સ્વચ્છંદી જીવન અને સ્વૈર-વિહાર ઉપર અંકુશ મુકે છે, તેથી આરંભમા તો નીલકંઠની આ વાતોમા અસંમતિનો સૂર નીકળ્યો, પરંતુ પ્રભુએ જે સમજી શકે તેવા લોકોને સમજાવ્યુ કે, સ્ત્રી-પુરુષોની ધર્મ-મર્યાદામા તો સનાતન ધર્મશાસ્ત્ર સંમત છે, અને એમાં જ ધર્મ રક્ષણ રહેલુ છે. અને ધર્મ વિકાસ પણ તેમા જ છે.

આમ ઉદ્ધવ સંપ્રદાયમાં નીલકંઠે યોજેલી આ મર્યાદાનો હેતુ શુદ્ધ જ હતો. ઉપરાંત આ મર્યાદાથી સંપ્રદાયને બીજો એક લાભ થયો. તે ખાસ નોંધપાત્ર છે. સ્ત્રીઓને માટે અલાયદી વ્યવસ્થા થઈ, એમા સ્ત્રીઓને કથા-વાર્તા વગેરે દરેક કાર્ય જે સ્ત્રીઓને જ સોંપવામા આવ્યુ. તેથી બહેનોમા સહેજે જ્ઞાનપ્રચાર થયો અને નિરક્ષરતા લગભગ ટળી ગઈ. વળી સ્ત્રી સમાજને પોતાની ઉન્નતિ માટે એમાં જ માર્ગ અને ચોક્કસ સ્થાન મળ્યા.

સાધુઓ પણ નીલકંઠની વાતને કશી શંકા કે અભિમાન કર્યા વિના અનુસરે છે. આમ લોજ એ નીલકંઠ અને સાધુ મંડળ બન્નેની મહત્તાનુ ઉજજવળ દૃષ્ટાંત છે. એટલામા સ્વામી રામાનંદ ગિરનાર પાસે પીપલાણા ગામમા આવ્યા અને તેમણે નીલકંઠ અને મુક્તાનંદને

પોતાની પાસે તેડાવી લીધા અને બંને એકબીજાના દર્શન-સમાગમથી તૃપ્ત થઈ ગયા. સ્વામી કહેતા હતા કે મેં તો સાત મજલાના મહોલના પાયાની બે જ ઈંટ મુકી છે. તેને બાંધનારો હવે આવશે. તે બાંધનાર અત્યારે તેમની સામે જ હતા....

### નિઃસ્વાર્થ અને નિષ્કામભક્તિ

(સાં. યો. કુંદનબા ગુરુ કંચનબા- મેડા)

શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહેલી છે.

શ્રવણં કીર્તનં વિષ્ણું સ્મરણં પાદ સેવનમ્ ।
અર્ચનં વંદનં દાસ્યં ખ્ય આત્મનિવેદનમ્ ॥

નવ પ્રકારની ભક્તિમાં શ્રવણ ભક્તિ ઉત્તમ ગણી છે. છતાં જેને જે ભક્તિમાં મન ગોઠે અને જે ભક્તિ કરવાથી જીવમાં શાંતિ થાય તે ભક્તિ તેમણે કરવી. પણ એ ખાસ ધ્યાન રાખવાનું છે કે મારી ભક્તિમાં કોઈ સ્વાર્થ તો નથી ને ? મારી ભક્તિ સકામ નથી ને ? નવ પ્રકારમાંથી કોઈ પણ ભક્તિ કરીએ પણ નિષ્કામભાવે અને નિઃસ્વાર્થપણે કરવી. ભક્તિમાં સ્વાર્થ ભળશે તો સ્વાર્થની ગંધ ભક્તિને દાબી દેશે. આ લોકના માયિક સુખ માટે ભક્તિ ન કરવી, જગતમાં મોટા થવા માટે ભક્તિ ન કરવી. ઈર્ષાએ કરીને ભક્તિ ન કરવી. જેની ભક્તિ નિષ્કામ ભક્તિ છે તે જ ખરો ધનવાન છે.

એક લાખ રૂપિયાનો ચેક હોય તેમાંથી પૈસા મળે તેમ હોય પણ અજ્ઞાનથી કે સમજ્યા વિના ચેક પર ચોકડી મારી દઈએ તો પછી પૈસા કેમ મળે ? ના જ મળે ને, તેમ આપણે ભક્તિ તો બહુ સારી કરીએ પણ તેના ઉપર સ્વાર્થની આશાની ચોકડી લગાડી દઈશું તો આપણી ભક્તિ ફળદાયી નહીં નીવડે.

જેમ સુંદર મજાની એલચી, કેશર, બદામ, પીસ્તા નાખીને દૂધપાક બનાવ્યો હોય, પણ ખાંડને બદલે મીઠું પડી જાય તો એ દૂધપાકને સુધારવાનો કોઈ ઉપાય નથી. અને તે દૂધપાક કોઈ જમે પણ નહીં. તેમ દૂધપાક જેવી સરસ ભક્તિ કરીએ, પણ અંદર ઈર્ષા અદેખાઈ વિગેરેના ભેગ ભેળવીશું તો મીઠાવાળા દૂધપાક જેવી ભક્તિથી ભગવાન રાજી નહી થાય. આ મીઠાવાળો દૂધપાક ભગવાનને નહી ભાવે. માટે વહાલા ભક્તો ! નિસ્વાર્થ ભાવે ભક્તિ કરીને શ્રીજી મહારાજને રાજી કરવાના છે.

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિનિધિ ગ્રંથમાં લખ્યું છે.

ભક્તિ કરતાં ભગવાનની, આવી અહં મમતની આડ ।
પ્રભુ પાસળ પોંચતાં, આડું દીધું એ લોહ કમાડ ॥

હે ભક્તો ! ભક્તિ કરતાં વચમાં અહં અને મમત્ત્વની આડ આવી ન જાય તેનું ધ્યાન રાખવાનું છે. હું મોટો છું, મને પૂછીને બધું થાવું જોઈએ, મારા જેવી કોઈ કથા વાંચી ન શકે, મારા જેવો કોઈ તપસ્વી નહિ, મારા જેવો કોઈ હોંશિયાર નહિ, મારા જેવો કોઈ ધનવાન-દાનેશ્વરી નહીં. મારા જેવો કોઈ ભક્તિવાન નહિ. આવું અભિમાન કરવું નહીં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, ભક્તિમાં અહંતા અને મમતા આવી જાય છે, તે લોઢાના કમાડ જેવું છે. વહાલા ભક્તો હુંપણાના પાવરમાં કૂદકા મારવા નહિ. નમ્ર બનીને સત્સંગ કરશું તો આગળ જતાં ભગવાનના મહાન ભક્ત થશું.

શ્રીજી મહારાજ ગ.પ્ર.૫૬ વચનામૃતમાં કહે છે કે, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં જેમજેમ અહંકારનો ભેગ ભળતો જાય, તેમ તેમ ત્રણવાના ઓછાં થતાં જાય છે. માન રહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ છે તે સોળવલાં સોના જેવી છે. નિર્માની ભક્ત સર્વથી શ્રેષ્ઠ છે.

લાખ વરસ સુધી પાણીને વલોવ્યા કરશું, તો પણ તેમાંથી માખણ નહિ મળે. સકામ ભક્તિ છે તે પાણીને વલોવ્યા જેવું છે અને નિષ્કામભક્તિ છે તે દૂધને વલોવ્યા જેવું છે. સકામ ભક્તિથી જન્મ મરણના ફેરા નહીં ટળે, ભગવાનનું ધામ નહીં મળે. માટે હે ભક્તો ! પોતાના જીવના કલ્યાણ માટે જ ભક્તિ કરવી. જીવમાં અહોનિશ એક જ તાન રાખવું કે મારા મહારાજ કેમ રાજી થાય ? ભગવાન રાજી થશે તો અક્ષરધામરૂપી રાજ્ય આપી દે છે. અને જગતના માયિક અને નાશંવત પદાર્થ માટે ભક્તિ કરશું તો એક દિવસ જરૂર દુઃખી થશું. માટે હે વહાલા ભક્તો ! આપણે સૌએ સાથે મળી નિઃસ્વાર્થ અને નિષ્કામ ભાવે ભક્તિ કરી ભગવાનને રાજી કરી લેવા છે અને આપણા સૌના લાડીલા ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ કે, આપણને સૌને શ્રીજી મહારાજ આવી ભક્તિ કરવાનું મનોબળ આપે તેવા આશીર્વાદ આપે.

## પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

**પ્ર. : ૧** ધર્મ કોને જાણાવો ? શિક્ષાપત્રીમાં કયા શ્લોકમાં છે ?

**પ્ર. : ૨** નિયમ, નિશ્ચય અને પક્ષ એ ત્રણવાનાં જેમા હોય તેને પાકો સત્સંગી જાણવો, શ્રીજી મહારાજે આ વાત કયા વચનામૃતમાં કરી છે ?

**પ્ર. : ૩** શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમાં ''નારાયણ ગીતા'' કયા પ્રકરણ, કેટલામાં અધ્યાયમાં અને તેના શ્લોક કેટલા છે ?

**પ્ર. : ૪** દેશ-કાળાદિકના નામ જણાવો ?

**પ્ર. : ૫** બંધીયા ગામના હરિભક્તનું નામ જણાવો ?

**પ્ર. : ૬** ભગવાનને વિષે સ્નેહ, હોય તેનું શું રૂપ છે - વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

**પ્ર. : ૭** ''પ્યારા મુજને લાગી તારી મોહની રસિયાવર રે તારુ જોઈને રૂપ મુજને'' - આ કીર્તનના રચયિતા કોણ છે ?

### મે-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ગ.પ્ર.પ્ર. ૪૦ **(૨)** ''જે મહારાજે મને બે ચાર વખત કહ્યું ને મેં ના પાડી માટે આજથી ખાંડ, સાકર, ગોળ જીવંતપર્યન્ત ખાવી નહીં.'' **(૩)** શ્લોક ૧૧૫, શ્રી કૃષ્ણ ભગવાન તથા શ્રી કૃષ્ણ ભગવાનના અવતાર તથા શ્રી કૃષ્ણ ભગવાનની પ્રતિમા તેનું ધ્યાન કરવું. શ્રી કૃષ્ણ ભગવાનના ભક્ત હોય ને બ્રહ્મવેતા હોય તો પણ તેમનું ધ્યાન કરવું નહીં. **(૪)** ગ.પ્ર.પ્ર. ૬૧, બ્રહ્માનંદ સ્વામી **(૫)** પંચકણકીનો રોટલો તેના ઉપર ચપટી મીઠુંનો થાળ જમ્યા હતા. **(૬)** ''ગળામાં લાકડાના ટાચકાની માળા'' **(૭)** સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી

૧. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨. સાં. કોકિલાબા - ઉષાબા (સુરેન્દ્રનગર)
૩. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૬. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૭. પટેલ મેઘાબેન કમલેશભાઈ (કુહા)
૮. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૯. પટેલ કંચનબેન - તૃપ્તિબેન (રતનપર)
૧૦. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપર)
૧૧. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૨. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૩. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (કલોલ)
૧૪. પટેલ સંદિપ આર. (કલોલ)
૧૫. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૬. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૧૭. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૧૮. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૯. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૦. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૨૧. પરમાર ભાનુબેન ભગવાનજીભાઈ
૨૨. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૩. પટેલ જયંતીભાઈ હિરાભાઈ (નરોડા)
૨૪. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૨૫. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)
૨૬. ભાવસાર કપીલાબેન નટવરભાઈ (લાંઘણજ)
૨૭. પટેલ પ્રવિણભાઈ ભેમદાસ (ન્યુજર્સી)
૨૮. સાં. કંચનબા, હિરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૯. સાં. મંજુબા - ભારતીબા (હવેલી)
૩૦. સાં. શિતલબા - શિલ્પાબા (હવેલી)
૩૧. ભાવસાર વીણાબેન (અમદાવાદ)
૩૨. ભાવસાર અરવિંદાબેન (અમદાવાદ)
૩૩. સોની મીનાબેન મહેન્દ્રભાઈ (અમદાવાદ)
૩૪. ચૌધરી જોઈતાભાઈ મોતીભાઈ (બાલવા)
૩૫. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ (વિસનગર)
૩૬. ભાવસાર પલ્લવીબેન અને ડઈબેન (લાંઘણજ)
૩૭. ભાવસાર વસંતીબા અને શકરીબેન (લાંઘણજ)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણાદિ દેવોને ચંદનના વાઘાના દર્શન**

શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં બિરાજમાન ભરત ખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવ, શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણ દેવ તેમજ અક્ષર ભુવનમાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજને સુગંધિત મલિયાગરના શિતળ સૌમ્ય અને સુંદર અલૌકિક વાઘા ધરાવીને દર્શન કરાવવામાં આવે છે. વૈશાખ સુદ-૩ ત્રીજ અક્ષય તૃતિયા થી જેઠ સુદ-૧૫ સુધી આવા મહા અલૌકિક દર્શન લાખો ભક્તોએ કરીને જીવન ધન્ય બનાવ્યું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી આવા અલૌકિક દર્શન કરી ને ખૂબજ રાજી થયા હતા. સમગ્ર આયોજન પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણ દેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી, પાર્ષદ ઘનશ્યામ ભગત, શ્રી લાભશંકરભાઈ, બ્ર. જગદીશાનંદ, બ્ર. અપૂર્વાનંદ, બ્ર. મુકુન્દાનંદ, શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારી સ્વામી પરમેશ્વરદાસજી આદિ સંત મંડળે ઠાકોરજીને સુંદર મજાનું સુગંધીત ચંદન ઘસીને અલૌકિક વાઘાના દર્શન કરાવ્યા હતા.

(નારાયણ મુનિ સ્વામી)

**બાપુનગરમાં ઉજવાયો દ્વિતીય બાળ મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પાવન સાનિધ્યમાં તા.૭-૫-૨૦૧૨ના રોજ બાપુનગર કર્મશક્તિપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દ્વિતીય બાળ મહોત્સવ વિધિવત ઉજવાયો.

પૂ. પી.પી. સ્વામી (નારાયણઘાટ)ની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર આયોજીત 'બાળ મહોત્સવ'માં (એપ્રોચ, હર્ષદ કોલોની, બદ્રિનારાયણ, કર્મશક્તિપાર્ક અને હિરાવાડી) બાપુનગરના ૪૯૦ બાળકોએ ભાગ લીધો હતો. સવારે ૯ થી લઈ બાળકોએ પોતે સ્વયં શ્રદ્ધા ભક્તિથી તૈયાર કરેલ પ્રવૃત્તિ હરિભક્તો સમક્ષ રજુ કરી.

આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. જેમાં સ્વા. લક્ષ્મણજીવન દાસજી, હરિકૃષ્ણ સ્વામી, વિશ્વસ્વરૂપ સ્વામી અને નારાયણ મુનિ સ્વામી આદિ સંતો પણ સાથે પધાર્યા હતા. બાળકો દ્વારા નાટક, રાસ, સ્પીચ આદિ કાર્યક્રમ પ.પૂ. લાલજી મહારાજશ્રી સમક્ષ રજુ કર્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. તમામ બાળકોને પ્રસાદ જમાડવામાં આવેલ. સમગ્ર આયોજન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપ દાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યુ હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર)

**મોટેરામાં ઉજવાયો પ્રથમ બાળ મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં શ્રીહરિના ચરણોથી પાવન થયેલ મોટેરા ગામમાં તા.૬-૫-૧૨ના રોજ સાંજના ''પ્રથમ બાળ મહોત્સવ'' નું આયોજન સંપન્ન થયું.

સ.ગુ.શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશ દાસજી (નારાયણ ઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મોટેરા દ્વારા આયોજીત બાળ મહોત્સવમાં મોટેરાના ૭૦ જેટલા બાળકો જોડાયા હતા. જેમાં આઉટડોર ગેમ, ઈન્ડોર ગેમરમતો, સુંદર નાટક, રાસ, વચનામૃત કંઠસ્થ આદિ કાર્યક્રમ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં થયા હતા. જેથી તેઓશ્રીએ ખૂબજ રાજી થઈ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરનારને પ્રોત્સાહન ઈનામ આપી આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગમાં સંતો સ.ગુ.શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી અને મુનિ સ્વામીએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃત્તિને બિરદાવી હતી. સમગ્ર આયોજન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપ દાસજીએ સંભાળ્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મોટેરા)

**કોટેશ્વર ગુરુકુળ ખાતે તૃતિય બાળ સત્સંગ શિબિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તથા સ.ગુ.શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર ખાતે તા.૨૭-૪-૧૨

થી તા.૨૯-૪-૧૨ દરમ્યાન ત્રિદિનાત્મક 'બાળ સત્સંગ મંડળ શિબિર' વિધિવત રીતે સંપન્ન થઈ.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર આયોજીત શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ શિબિરમાં પ્રથમ દિને સવારે ૮.૦૦ વાગે ૩૦ ગામડાઓમાંથી ૩૫૦ બાળકો આ શિબિરમાં ભાગ લેવા પધાર્યા હતા. સવારે પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે શિબિરમાં પધારી મંગલદિપ પ્રાગટ્ય કરી સૌ શિબિરાર્થી બાળકોને શુભેચ્છા પાઠવી હતી. બાળકોમાં સંસ્કાર, સત્સંગનું સિંચન તથા મૂળ સંપ્રદાયના સિદ્ધાંતોની સમજણ મળે એવા શુભ આશયથી કુલ પાંચ સત્સંગ સત્ર રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ સત્રમાં **'શિબિરનો હેતુ તથા તેના ફાયદા'** વિષય પર પ.ભ. નારાયણભાઈ (બાલવા) એ સચોટ સમજણ પુરી પાડી હતી. સાંજના સત્રમાં **પૂજા અને કંઠીની અનિવાર્યતા તથા તેના ફાયદા** વિષે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ સુંદર જ્ઞાનોપદેશ દ્વારા સરળ સમજણ પુરી પાડી હતી.

બીજા દિવસે પ્રથમ સત્રમાં **શ્રી નરનારાયણદેવ તથા નવ ધામનો ઈતિહાસ** - મહિમા સ.ગુ.શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ કહ્યો હતો. સાંજના ચોથા સત્રમાં ધર્મકુળ મહિમા તથા સંતનો મહિમા અને પરંપરા વિષય પર પ.ભ. છનાભાઈ સાહેબે (ઘાટલોડીયા) સુંદર જ્ઞાન વિદ્યાર્થીઓને આપ્યુ હતું. અને છેલ્લે અંતિમ સત્રમાં **આજનો બાળક કે યુવાન વિષે** સ.ગુ.શા.સ્વા. ચૈતન્ય સ્વરૂપ દાસજીએ જ્ઞાન શિબિરાર્થીઓને આપ્યુ હતું. સાથોસાથ શિબિર દરમ્યાન નવા ૧૦૦ શિબિરાર્થીઓએ મહિમા જાણી અને સમજી નવી પૂજા લઈ અને નિત્યપૂજા કરવાની પ્રતિજ્ઞા પણ કરી હતી. અને નવા ઘણા વિદ્યાર્થીઓને પણ કંઠી ધારણ કરાવવામાં આવી હતી. સતત ત્રણ દિવસ શિબિરાર્થીઓએ સંતો તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે આનંદ પણ માણ્યો. સાંસ્કૃતિક કાર્યક્રમ પૈકી પ્રથમ દિવસે રાત્રીય ગરબા, બીજા દિવસે ચોકલેટ ઉત્સવ, અને રાત્રીય જલધારા ઉત્સવનું આયોજન કરેલ. તેમજ શિબિર દરમ્યાન અવનવી રમતોમાં પણ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાને ધન્ય ભાગી માનવા લાગ્યા હતા.

બાળકોનો ઉત્સાહ વધારવા પ્રથમ દિવસે સાંજના સત્રમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ પધાર્યા હતા. સાથે સંતોમાં અમદાવાદ મંદિરના સ.ગુ. મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશ દાસજી તથા બ્ર.પૂ. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, કોઠારી જે. કે. સ્વામી તથા મુનિ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બાળકો ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આર્શીપ્રવચનમાં નૂતન બાળ સત્સંગ મંડળ સ્થાપવાની ભલામણ કરી હતી. સમાપન પ્રસંગમાં વાલીઓ મોટી સંખ્યામાં આવ્યા હતા. આ રીતે તૃતિય બાળ સત્સંગ શિબિર વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થઈ.

આ સમગ્ર પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગરની સેવા અને અન્ય હરિભક્તોની તન, મન અને ધનની સેવા પ્રેરણારૂપ હતી. આ સમગ્ર શિબિરનું સંચાલન સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને સ.ગુ.શા.સ્વા. ચૈતન્ય સ્વરૂપ દાસજી (કોટેશ્વર)એ સંભાળ્યુ હતું.

(શ્રી સહજાનંદ ગુરુકુળ, કોટેશ્વર)

**૩૧ ગામડાઓમાં જાહેર સત્સંગ સભાનું આયોજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશ દાસજી તથા નાના પી.પી. સ્વામી (નારાયણ ઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી ગવાડા ગામના મંદિરને ૩૧ વર્ષ પૂર્ણ થતા માણસા અને વિજાપુર વિસ્તારમાં ૩૧ ગામોમાં સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ ગવાડા ગામ શ્રહરિના ચરણોથી અતિ પાવન બન્યુ છે. અહીં સત્સંગ ઘણો જૂનો પણ શ્રી નરનારાયણદેવનો નિષ્ઠાવાળો સત્સંગ છે. ૮૦ ટકા હરિભક્તો સીટીમાં વસે છે. પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનો નિયમ, નિશ્ચય અને પક્ષનું સંતો દ્વારા પોષણ મળ્યુ છે. જેથી સત્સંગ કરવો અને કરાવવો એવું શ્રીહરિનું વચન સત્સંગીઓને ખૂબ ગમે છે.

(આગામી તા.૧૬-૨-૨૦૧૩) ૩૧મો વાર્ષિક પાટોત્સવ ઉજવવાનું ધામધૂમથી આયોજન કરેલ છે. જેમાં શ્રીરામના આશ્રિત એવા ૧૦૦ પરિવાર પણ જોડાયા છે. આ પ્રસંગના ઉપલક્ષમાં પ્રથમસ ભામાં તા.૨૨-૪-૧૨ શનિવાર રાત્રે ગવાડા ગામે શા. ચૈતન્યસ્વરૂપદાસજી તથા શા. કુંજ વિહારી દાસજી એ કથાવાર્તાનો લાભ આપેલ.

બીજી સભા તા.૨૮-૪-૧૨, શનિવાર રાત્રે ખણુંસા ગામે શા. વિશ્વસ્વરૂપદાસજીએ પધારીને કથાવાર્તા કરી હતી.

ત્રીજી સભા તા.૫-૫-૧૨ શનિવારે રાત્રે ગેરીતા (પ્રસાદીનું) ગામે શા. ગોપાલજીવનદાસજી (ઉનાવા વાળા) તથા શા. ચૈતન્યદાસજીએ કથા નો લાભ આપેલ.

ચોથી સભા તા.૧૨-૫-૧૨ શનિવાર રાત્રે પુંધરા ગામે

સ.ગુ.શા.સ્વામી નારાયણ વલ્લભ દાસજી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) એ પધારીને સત્સંગ સભા કરી કથા વાર્તા કરી હતી.

પાંચમી સભા તા.૧૯-૫-૧૨ શનિવાર રાત્રે આજોલ ગામે થઈ હતી. જેમાં સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી, સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા. કુંજવિહારી દાસજી અને સ.ગુ.શા. નાના પી.પી. સ્વામીએ પધારીને સત્સંગીઓને કથા વાર્તા અને કીર્તન ભક્તિ કરીને રાજી કર્યા હતા. (હવે પછીની સભાનો અહેવાલ આવતા અંકે)

(રમેશભાઈ કોઠારી)

**બનાસકાંઠાના થરા ગામે શ્રીમદ્ સત્સંગિજીવન પંચ દિનાત્મક પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણ દાસજીની પ્રેરણાથી અને સ.ગુ. સ્વામી જયપ્રકાશ દાસજી (જે.પી. સ્વામી) અને સ.ગુ.શા.સ્વા. નારાયણ મુનિદાસજીના માર્ગદર્શનથી બનાસકાંઠાના થરા મુકામે વિશ્વ કાનાબાર પરિવારના કૂળદેવી શ્રી બાલવી માતાજીના પાટોત્સવના ઉપલક્ષમાં તા.૨૨-૪-૧૨થી તા.૨૬-૪-૧૨ પર્યન્ત સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) અને સ.ગુ.શા.સ્વા. વિશ્વવિહારીદાસજી ગુરુ સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણ દાસજીના વક્તા પદે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ. સમગ્ર પ્રસંગમાં વિરડી ગીરવાળા શ્રી નટુભાઈ કાનાબારની દેખરેખ હેઠળ સંપન્ન થયો. તા.૨૨-૪-૧૨ ના રોજ શ્રી નરનારાયણ દેવ પીઠના છઠ્ઠા (નિવૃત્ત) આચાર્ય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને સમગ્ર કાનાબાર પરિવાર અને હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા અને શ્રી નટુભાઈ કાનાબાર જેઓ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમસર્વોપરિ ઉપાસક છે. તેમને અભિનંદન આપી તેમની પ્રવૃત્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા હતા.

તા.૨૬-૪-૧૨ના રોજ અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણ દાસજી પધાર્યા હતા અને તેઓશ્રી એ સભામાં શ્રી નટુભાઈ કાનાબાર અને શ્રી રમેશભાઈ કાનાબારનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. થરામાં બાલવી માતાજીનું મંદિર કાનાબાર પરિવાર થકી જ થયુ છે. અને તે પણ વગર માગ્યે મંદિરનું ભવ્ય નિર્માણ થયું છે. જેમાં તા.૨૬-૪-૧૨ના રોજ સવારે ૭ કલાકે શાસ્ત્રોક્ત વિધિથી અભિષેક થયો હતો. શ્રી નરનારાયણદેવ દેશનું ભવ્ય શિખરબદ્ધ મંદિર માટે ભાભરમાં દિયોદર રોડ ઉપર પેટ્રોલ પંપની બાજુમાં સુંદર રમણીય જમીન શ્રી નરભેરામભાઈ મોતીરામભાઈ કાનાબાર પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જેટલી જગ્યા કહે તેટલી મંદિર માટે આપવા સામે ચાલીને ઓફર કરી છે. જેથી અહીં બનાસ કાંઠાનું ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણ થશે અને તે દ્વારા લાખો જીવ શ્રી નરનારાયણદેવના દૃઢ આશ્રિત થશે. આમ અત્રે થરા, ભાભર, દિયોદર આદિ બનાસકાંઠામાં રહેતા કાનાબાર પરિવારના ભાવિક ભક્તોએ કથાનો લાભ લઈ જીવન કૃતાર્થ કર્યુ હતું.

**બનાસકાંઠામાં સત્સંગ સભાઓનું નીચે પ્રમાણે આયોજન થયું હતું.** વૈશાખ સુદ-૭ દિયોદર, ૮૫૦૦ હરિભક્તો, વૈશાખ સુદ-૯ વઢીયાર પંથકના લાલોડા ગામે, ૫૦૦ હરિભક્તો ભાભર, થરા, ડીસા આદિ ગામોમાં શ્રી નટુભાઈ કાનાબાર દ્વારા સભાઓ થઈ હતી. જેમાં સર્વોપરિ શ્રી હરિનો મહિમા અને ધર્મકુળ આશ્રિત સંત-હરિભક્તો દ્વારાજ આપણું શ્રેય અને કલ્યાણ છે. તેમજ મૂળ સંપ્રદાય અને બે દેશની ગાદીને વફાદાર રહેવા ઉપર ખાસ ભારપૂર્વક સમજાવવામાં આવે છે. શ્રી નટુભાઈ ગામડે ગામડે ખુલ્લાં પગે ફરીને બનાસકાંઠામાં સત્સંગ કરાવે છે. ધન્ય છે આવા વિરલ નિષ્ઠાવાન ભક્તને ! ડીસા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૭૦૦ હરિભક્તો સભામાં જોડાયા હતા. થરા બાલવી માતાજીના મંદિરે શ્રી નરભેરામભાઈ મોતીરામભાઈ કાનાબારના યજમાન પદે સભા થઈ હતી. દરેક સત્સંગ સભામાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(રમેશભાઈ નરભેરામભાઈ કાનાબાર - ભાભર)

**થરા કથા પ્રસંગે આજીવન સભ્યો નોંધાયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને જે. પી. સ્વામીની પ્રેરણાથી થરા ગામે પારાયણ પ્રસંગે પ.ભ. રમેશભાઈ નરભેરામભાઈ કાનાબાર દ્વારા ૨૦ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો થયા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, નવાગામ(કપડવંજ)નો દ્વિતીય પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા

પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા મંદિર નિર્માણ કર્તા સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશ દાસજી (જેતલપુર ધામ)ની પ્રેરણાથી તથા સ.ગુ. પૂજારી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી (શ્રી રંગ મહોલ ઘનશ્યામ મહારાજના પૂજારી) ના માર્ગદર્શનથી તા.૧૦-૫-૧૨ને ગુરૂવારે વૈશાખ વદ-૫ના નવાગામશ્રી સ્વામિનારાયણ મંદિરનો બીજો પાટોત્સવ પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો. જેના યજમાન પ.ભ. વિનુભાઈ ચિમનલાલ પટેલ, દક્ષાબેન વિનુભાઈ પટેલ, શ્રી જયેશભાઈ ચિમનભાઈ પટેલ, રીટાબેન જયેશભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા, ઠાકોરજીનો અભિષેક, મહાપૂજા આદિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયા હતા.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી કરી ભેટ ધરી હતી.

શા.સ્વા. હરિૐ પ્રકાશ દાસજી, (મહંત શ્રી નારણપુરા) સ.ગુ. મહંત શ્રી કે. પી. સ્વામી (જેતલપુર) બ્ર.શા. પૂર્ણાનંદજી (જેતલપુર) અને શા.સ્વા. વિશ્વપ્રકાશ દાસજી (મહંતશ્રી - કલોલ) એ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. (શા. ભક્તિનંદનદાસ - જેતલપુર)

**નારણપુરા મંદિરથી જેતલપુર ધામ પૂનમે પદયાત્રા**

શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપુરા - અમદાવાદથી મહંત શા. સ્વા. હરિૐપ્રકાશ દાસજીના માર્ગદર્શન અને પ્રેરણાથી વૈશાખ સુદ-૧૫ના નારણપુરા મંદિરથી જેતલપુર ધામની ભવ્ય પદયાત્રા યોજાઈ. જેમાં અંદાજે ૫૦૦ હરિભક્તો જોડાયા હતા. ઠેરઠેર ચીકુનો જ્યુસ દરેક પદયાત્રીને આપવામાં આવતો હતો. નારણપુરા કેમ્પ ખાતે દરેક પદયાત્રીને આઈસ્ક્રીમનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. દરેક પદયાત્રી મહાપ્રતાપી બળદેવજી બાપાના દર્શન કરી ધન્ય બન્યા હતા. આ યાત્રામાં જેતપર નવાગઢના પ્રેમસ્વામી પણ જોડાયા હતા. (ઘનશ્યામભાઈ પટેલ - ઉવારસદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલીયાણા**

અત્રે કાલીયાણા (તા. વિરમગામ) ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર ધામના પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશ દાસજી તથા પૂ.શા. સ્વા. આત્મપ્રકાશ દાસજીની પ્રેરણાથી જેતલપુરથી ધર્માદો અને કથા કરવા શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજી તથા નવયુવાન ઉત્સાહી શા.સ્વા. ભક્તિનંદનદાસજી કાલીયાણા પધાર્યા હતા અને ખાસ શ્રી નરનારાયણદેવ યુવક મંડળને વિશેષ જાગૃત કરી નવચેતના પ્રેરી ચેતનવંતુ બનાવ્યું છે. જેથી હવે દર એકાદશીના મંદિરમાં રાત્રે ધૂન કરવાનું આયોજન કર્યુ છે. સામાજિક પ્રવૃત્તિમાં કેન્સર સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૯૬ જેટલા રક્તદાતાઓએ રક્તનું ડોનેશન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતું. દરેક રક્તદાતાને ૧ બેગ ભેટરૂપે અપાઈ હતી. (અરજણભાઈ મોરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - નારાયણઘાટ**
**નિજ મંદિર જીર્ણોદ્ધારના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત રાત્રી પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળની આજ્ઞા - આશીર્વાદથી તથા અત્રેના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશ દાસજીની પ્રેરણાથી નારાયણઘાટ નિજ મંદિરનું જીર્ણોદ્ધારનું કામ ચાલે છે. પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી અ.નિ.સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવન દાસજીએ શિલ્પ સ્થાપત્યનું બેનમૂન મંદિર નિર્માણ કરાવ્યુ હતું. જે અતિ દિવ્ય અને ભવ્ય છે. પરંતુ પ્રદક્ષિણામાં ચોમાસા અને ઉનાળામાં તાપ અને વરસાદના કારણે હરિભક્તોને ખૂબજ તકલીફ પડતી હોવાથી તેનું શિલ્પશાસ્ત્રનુંસાર કામ કરવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બન્ને મહંત સ્વામીને આજ્ઞા કરી જેથી આ કાર્યના ઉપલક્ષમાં સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણ દાસજી (કોટેશ્વર)ના વક્તા પદે શ્રીમદ્ સત્સંગિ જીવનની રાત્રીય પારાયણ તા.૨૨-૪-૧૨ થી તા.૨૮-૪-૧૨ દરમ્યાન યોજવામાં આવી. જેમાં નારાયણઘાટ, રાણીપ, ન્યુ રાણીપ, નવા વાડજ, શાહીબાગ અને ઘાટલોડીયા સત્સંગ સમાજે સુંદર આયોજન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. જીર્ણોદ્ધારમાં ઘણા હરિભક્તોએ સેવા કરી હતી. (શા. દિવ્યપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - લસુન્દ્રા ૫૫ મો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદ દાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, લસુન્દ્રાનો ૫૫મો પાટોત્સવ ખૂબજ ધામધૂમઅને ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા.૯-૪-૧૨ થી તા.૧૪-૪-૧૨

પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ જીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (મૂળી) અને સહિંતા પાઠી સંતોના વક્તાપદે થઈ હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા.૧૪-૪-૧૨ના રોજ પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યા હતા અને ઠાકોરજીનો અભિષેક આરતી વેદોક્ત વિધિથી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ અને ધામોધામના સંતોએ પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા અને યુવક મંડળને દર મહિને એક દિવસ સભાનું આયોજન કરવા આજ્ઞા કરી હતી.

ધામોધામથી પધારેલા સંતોમાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણ દાસજી, સ.ગુ.શા.સ્વા. નારાયણ વલ્લભદાસજી (વડનગર) સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, (સુરેન્દ્રનગર) સ્વામીજગતપ્રકાશ દાસજી, બળદેવ સ્વામી (ધોલેરા) મુકુન્દ સ્વામી, વિશ્વપ્રકાશદાસજી, શ્રીજીસ્વરૂપ દાસજી, શ્રીરંગ સ્વામી, સી.પી. સ્વામી, નંદકિશોર સ્વામી, ધોલેરાના પી.પી. સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. વાસુદેવ ચરણ દાસજી તથા શા. યજ્ઞપ્રકાશ દાસજીએ કર્યુ હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળા શ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા સાંખ્યયોગી બહેનો સાથે ખાસ પધાર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ -અરવિંદ એમ. પટેલ - લસુન્દ્રા)

## શ્રી સ્વામિનારાયણ મંદિર, પ્રાંતિજ રજત શતાબ્દી મહોત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ.સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવન દાસજીની દિવ્ય પ્રેરણાથી તથા પ્રાંતિજ મંદિરના મહંત સ્વામી, ટ્રસ્ટી મંડળ અને સમસ્ત પ્રાંતિજ દેશના હરિભક્તોના તન, મન અને ધનના સહયોગથી પ્રાંતિજ મંદિરમાં બિરાજમાન શ્રીધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવનો ૧૨૫મો પાટોત્સવ (રજત શતાબ્દી મહોત્સવ) વૈશાખ વદ-૫ ના રોજ પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર ધામ)ના માર્ગદર્શન હેઠળ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. ઘનશ્યામપ્રકાશ દાસજી (મહંત શ્રી માણસા) ના વક્તા પદે સુમધુર સંગીતના સૂર સાથે થઈ હતી. સાથે ૧૨૫ કૂંડી શ્રી મહાવિષ્ણુયાગ વેદપુરુષ શ્રી ધીરેનભાઈ કે. ભટ્ટના પુરોહિત પદે ધામધૂમથી થયા.

સમગ્ર ઉત્સવમાં સ.ગુ. મહંત સ્વામી માધવપ્રસાદ દાસજીએ ખૂબજ જહેમત ઉઠાવીને ભવ્ય આયોજન કર્યુ હતું. સાંખ્યયોગી બહેનોએ ૫૧ કલાકની ધૂન બહેનોનું મંડળ બનાવીને કરી હતી.

પ્રથમ દિવસે પારાયણના મુખ્ય યજમાન શ્રી હસમુખભાઈ કચરાભાઈ ભાવસારના નિવાસસ્થાનેથી ભવ્ય પોથીયાત્રા શોભાયાત્રાના રૂપે ભક્તિનગર કથા સ્થળે પહોંચી હતી. જેનું દીપપ્રાગટ્ય વયોવૃદ્ધ સંતોએ કર્યુ હતું.

બીજા દિવસે પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી એ પધારીને બહેનાને દર્શન આશીર્વાદનું સુખ આપ્યુ હતું. ત્રીજા દિવસે સવારે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. સભામાં આ મહોત્સવ કમિટીએ મંદિર તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ખર્ચમાં રૂા.૧,૧૧,૧૧૧/- ભેટ રૂપે મહંતશ્રી, તથા ટ્રસ્ટી કનુભાઈ પંડ્યાએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણમાં ભેટ ધરી હતી. ચોથા દિવસે સમસ્ત સત્સંગના પ્રાણ પ્યારા આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા ગામના રાજમાર્ગો પર ધૂન-કીર્તન ભજન અને રાસ રમતા કથા સ્થળે પહોંચી હતી. જ્યાં સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી એ સૌ ભક્તજનોને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા.

વૈશાખ વદ-૫ પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે નિજ મંદિરમાં ઠાકોરજીનો રજત શતાબ્દી પાટોત્સવ ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર થયો હતો. ત્યારબાદ શણગાર આરતી ઉતારીને બહેનોના મંદિરમાં પધારી આરતી ઉતારીને યજ્ઞમાં શ્રીફળ હોમીને પૂર્ણાહુતિ કરીને મહામંત્ર ધૂન્યની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. મહાવિષ્ણુયાગના યજમાન ટ્રસ્ટીશ્રી કનુભાઈ ડી. પંડ્યા રહ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી સભામાં પધારીને કથાની પૂર્ણાહુતિ કરીને સભામાં સમસ્ત પ્રાંતિજના સંતો-હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સવારે ૧૦ કલાકે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને રૂડા આશીર્વાદ આપી ઠાકોરજીના દર્શન કરી અમદાવાદ પધાર્યા હતા. આ પ્રસંગે સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. હરિજીવદાસજી એ (મહંતશ્રી, હિંમતનગર) કર્યુ હતું. આ પ્રસંગે ધામોધામના ઘણા સંતો પધાર્યા હતા.

(કોઠારી હરિભાઈ મોદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ઝુલાસણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા.૮-૪-૧૨ ને રવિવારના રોજ ૧૦૦ રવિ સભા પૂર્ણ થતા તેની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

જે અંતર્ગત સવારે ૫ થી ૫-૪૫ સુધી આખા ગામમાં શ્રી સ્વામિનારાયણ ધૂન્યના નામસ્મરણ સાથે હરિભક્તો દ્વારા પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યુ હતું. સાંજે ૪ થી ૫-૩૦ સુધી ધૂન, સાંજે ૫-૩૦ કલાક બલુંગ ફલાઇંગ દ્વારા શ્રીજી મહારાજને પત્ર મોકલવામાં આવ્યો હતો. રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ સુધી રવિ સભા અને ૯-૩૦ થી ૧૧ સુધી મંદિરની આજ સુધીની પ્રગતિ, સત્સંગ ગોષ્ઠિ, સત્સંગ વધારવા માટે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોના પ્રયત્નો વગેરેને ધ્યાનમાં લઈ પ્રોજેક્ટ દ્વારા ગ્રામજનો અને હરિભક્તોને વાકેફ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આખા ગામમાં બુંદીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામના હરિભક્તોના સાથ સહકારથી સુંદર રીતે સંપન્ન થયો હતો.

(પ્રકાશભાઈ બી. ગજ્જર તથા પિયુષભાઈ બારોટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ સ્વામીશ્રી જગત પ્રકાશ દાસજીની પ્રેરણાથી માણસા મંદિરનો ૧૪૨મો વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર થયો હતો.

પ્રાસંગિક સભામાં પાટોત્સવ તથા કથાના યજમાન, પ.ભ. મણીલાલ મગનલાલ લુવાવત પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન, અર્ચન અને આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

જેતલપુર ધામથી પધારેલા પૂ. પી.પી. સ્વામી, સ.ગુ. સ્વામી જગત પ્રકાશ દાસજી આદિ સંતોએ ભગવાનનો મહિમા માહાત્મય કહ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં મહંત શાસ્ત્રી સ્વા. ઘનશ્યામપ્રકાશ દાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચ દિનાત્મક રાત્રી પારાયણ યોજવામાં આવી હતી. છેલ્લા દિવસે પાટોત્સવના યજમાન તરફથી સમસ્ત હરિભક્તોને જમાડવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધામોધામના સંતોમાં જેતલપુરથી શ્યામસ્વામી, અમદાવાદથી કોઠારી જે.કે. સ્વામી, વિષ્ણુસ્વામી, જે.પી. સ્વામી, બાલુસ્વામી, ભરત ભગત (મૂળી) આદિ પધાર્યા હતા.

(શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ અને સાધુ ચંદ્રપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ખોડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી ખોડા ગામના મંદિરનો ૧૪મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ હરિભક્તોને ભોજન પ્રસાદ ગામના હરિભક્તો દ્વારા કરવામાં આવેલ. રાત્રીના માણસાના મહંત ઘનશ્યામસ્વામીએ સુંદર કથા વાર્તાનો લાભ આપેલ. સાથે ગવૈયા સંત ચંદ્રપ્રકાશદાસે કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે સાણંદથી જે.ડી. ઠક્કર તથા રમેશભાઈ આદિ ભક્તો પધાર્યા હતા. (સાધુ ચંદ્રપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારનો ૭મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી શા. આનંદજીવન દાસજીની પ્રેરણાથી તથા કોઠારી સ્વામી હરિ પ્રકાશદાસજીના માર્ગ દર્શનથી હરિદ્વાર મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૭મો પાટોત્સવ પ.ભ. અમૃતભાઈ ગોવિંદભાઈ કાનદાસ પટેલ (ડાંગરવાવાળા) પરિવાર તરફથી ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા.૪-૫-૧૨ થી તા.૬-૫-૧૨ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથા સ.ગુ.શા.સ્વા. સત્ય પ્રકાશ દાસજી (મૂળી ધામ)ના વક્તાપદે થઈ હતી. પોથીયાત્રા, જળયાત્રા અને ઠાકોરજીના શણગારની છાબ ભરી યજમાન પરિવારે ઠાકોરજીને પ્રસન્ન કર્યા હતા. વૈશાખ સુદ-૧૫ તા.૬-૫-૧૨ના રોજ શ્રી ઘનશ્યામમહારાજનો ષોડશોપચાર અભિષેક તથા સુંદર અન્નકૂટ આદિ થયા હતા. અમદાવાદથી સ.ગુ. સ્વામી વાસુદેવ ચરણદાસજીએ પધારી હરિભક્તો અને યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારી હરિપ્રકાશ દાસજી)

**પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વહેલાલ ગામના પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન**

સર્વાવતારી શ્રી હરિનું પ્રસાદીનું ગામ તીર્થભૂમિ વહેલાલમાં ગ્રામ પંચાયતના આયોજનથી શ્રીહરિની આરસની સુંદર મૂર્તિ સાથેનું નૂતન ભવ્ય પ્રવેશદ્વારનું નિર્માણ

થતાં, વહેલાલ મંદિરના ચૈતન્યદાસજી સ્વામી તથા આગેવાન હરિભક્તોના આમંત્રણને માન આપી, તા.૨૨-૪-૧૨ને રવિવારના સાંજના ૫-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન તથા મૂર્તિની અનાવરણવિધિ સંપન્ન થઈ હતી. મૂર્તિના યજમાનપદે પ.ભ. હેમલભાઈ રાવજીભાઈ પટેલે લાભ લીધો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી, પોતાની સાથે અમદાવાદ મંદિરેથી પધારેલ સંત મંડળ સહિત સભામાં બિરાજમાન થઈ સર્વે સભાજનોને દર્શન તથા આશીર્વચનનું દિવ્ય સુખ આપ્યું હતું.

સભાના અંતે પ.પૂ. લાલજી મહારાજશ્રી પ.ભ. ઉમેશભાઈ ચિમનલાલ પટેલને ત્યાં પધરામણી નિમિત્તે પધાર્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**હર્ષદ કોલોની (બાપુનગર) બહેનોના નૂતન મંદિરનો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદ તેમજ સ.ગુ.શા. પી.પી. સ્વામી (નાના)ની પ્રેરણા - માર્ગદર્શનથી, પ.ભ. દાસભાઈ, સત્સંગ સમાજ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (બાપુનગર)ના આયોજનથી મંદિરનો દ્વિતીય પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

ઉત્સવ અંતર્ગત તા.૧૫-૫-૧૨ થી તા.૧૯-૫-૧૨ પર્યંત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજ આખ્યાનની પંચાન્હ રાત્રી પારાયણ સ.ગુ.શા. રામકૃષ્ણદાસજી સ્વામી (કોટેશ્વર)એ પોતાની સુમધુર વાણી તથા સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવ્યું. અન્ય કાર્યક્રમમાં પોથીપાત્રા, બાળમંડળ દ્વારા સત્સંગ નાટિકા, સમૂહ મહાપૂજા, ઠાકોરજીને અન્નકૂટ તેમજ હરિભક્તોને ભોજન-પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાલુપુર મંદિરેથી મહંત સ.ગુ.શા. હરિકૃષ્ણદાસજી સ્વામી, સ.ગુ.બ્ર. રાજેશ્વરાનંદજી સ્વામી, એપ્રોચ મંદિરેથી મહંત સ્વામી સહિત સંતમંડળ, નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા.

બહેનોને દર્શન-આશીર્વચનનો દિવ્ય લાભ આપવા માટે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. સમગ્ર ઉત્સવની પૂર્ણાહુતિ તેમજ અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબ સુંદર આશીર્વચન કહ્યા હતા.

ઉત્સવના મુખ્ય યજમાનપદે પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલ, પારાયણના યજમાનપદે પ.ભ. પરષોત્તમભાઈ રૂડાભાઈ સુહાગિયા પરિવારે તેમજ બીજા નાના-મોટા સેવાભાવી હરિભક્તોએ પોતાનું યોગદાન આપી અલૌકિક લાભ પ્રાપ્ત કર્યો હતો. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. પી.પી. સ્વામી (જેતલપુર ધામ)ની પ્રેરણાથી રાબડીયા (પંચમહાલ) નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ વૈશાખ સુદ-૯ તા.૩૦-૪-૧૨ના રોજ પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશ દાસજી, (જેતલપુર ધામ) બ્ર.પૂ. પૂર્ણાનંદજી (જેતલપુર) શા.સ્વા. હરિૐ પ્રકાશદાસજી (નારાણપુરા) તથા સ.ગુ.શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી (કલોલ) આદિ સંત મંડળના હસ્તે ધામધૂમપૂર્વક ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક, અન્નકૂટ તથા સત્સંગ સભાનું સુંદર આયોજન થયુ હતુ. આ પ્રસંગે ગામના સર્વે તેમજ કોઠંબા, ખારોલ, બાલાસિનોર, મેરાઈની મુવાડા, ગોધરા, શહેરા અને અમદાવાદના હરિભક્તોએ પધારી સુંદર દર્શન અને કથા વાર્તાનો લાભ લીધો હતો.

(કોઠારી હરિકૃષ્ણભાઈ રાબડીયા)

**મેરાઈના મુવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામી તથા પૂ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી (જેતલપુર ધામ મહંત સ્વામી) ની પ્રેરણાથી મેરાઈના મુવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ તા.૪-૫-૧૨ના રોજ પૂ. પી.પી. સ્વામી અને પૂ. શ્યામસ્વામીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક, આરતી, અન્નકૂટ આદિ થયા હતા પૂ. પી.પી. સ્વામીએ કથાનું રસપાન કરાવ્યુ હતું. અન્નકૂટની સેવા કોઠંબાના હરિભક્તો દ્વારા થઈ હતી. પાટોત્સવના યજમાન પ.ભ. પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ કાછીયાનું પૂ. પી. પી. સ્વામીએ પ્રસાદીનો હાર અને ફૂલહાર કરી આશીર્વાદ આપ્યા હતા.

(ચિમનભાઈ પટેલ - ભાતવાળા)

## મૂળીપ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રીરામગૌશાળાના લાભાર્થે હળવદમાં શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ**

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પથી તથા

પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ.શા. પુરૂષોત્તમપ્રકાશ દાસજી (નારાયણ ઘાટ મંહતશ્રી)ના માર્ગદર્શનથી શ્રી રામગૌસેવા ટ્રસ્ટ, હળવદના ઉપક્રમે તા.૨-૫-૧૨ થી તા.૮-૫-૧૨ દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીના સુમધુર કંઠે સંગીતના મીઠા સૂર સાથે થઈ હતી.

આ પ્રસંગે તા.૪-૫-૧૨ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોના આમંત્રણથી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. તા.૫-૫-૧૨ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપી ગૌમાતાનું રક્ષણ કરવા ખૂબજ ભારપૂર્વક કહ્યુ હતું. સુરેન્દ્રનગર, ધાંગધ્રા અને હળવદના અનેક ધાર્મિક, રાજકિય અને ઉદ્યોગપતિ અને સેવાભાવી સંસ્થાના કાર્યકરો, વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યકર શ્રી પ્રવિણભાઈ તોગડીયા, બજરંગ દળના સેવકો આદિ ઘણા મહાનુભાવો આ પ્રસંગે પધાર્યા હતા.

તા.૭-૫-૧૨ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળા શ્રી સાંખ્યયોગી બાઈઓ સાથે પધાર્યા હતા અને કથાશ્રવણ કરીને બહેનોને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

તા.૮-૫-૧૨ પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અમદાવાદ મંદિરના સંત મંડળ સાથે પધાર્યા હતા અને આપણા હિન્દુસ્તાન - ભારત દેશની સંસ્કૃતિ એવી ગૌમાતા માટે આપણે રક્ષણ કરીને તેનું જીવની જેમ જતન કરવા પર વિશેષ ભારપૂર્વક આશીર્વાદમાં કહ્યું હતું. આ પ્રસંગમાં સભા સંચાલન શા.સ્વા. ચૈતન્ય સ્વરૂપ દાસજી (કોટેશ્વર)એ શોભાવ્યુ હતું. હળવદ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને આપણા હરિભક્તો અને ધર્મપ્રેમીજનોએ ખૂબજ સુંદર સહયોગ આપી પ્રસંગને શોભાવ્યો હતો.

(શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ - હળવદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લટુડા પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મૂળી મંદિરના માજી મહંત સ.ગુ.શા. સ્વામી નારાયણ પ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લટુડા (બહેનોનું)નો ૧૧મો પાટોત્સવ તા.૭-૫-૧૨ નારોજ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં અત્રેના સાં. લાભુબાના યજમાન પદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા.સ્વા. યજ્ઞ પ્રકાશદાસજી (કાંકરિયા મંદિર)ના વક્તાપદે તા.૩-૫-૧૨ થી તા.૭-૫-૧૨ પર્યન્ત થઈ હતી.

તા.૭-૫-૧૨ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી લટુડા પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા દ્વારા સ્વાગત સામૈયુ થયુ હતું. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ કરીને સભામાં બિરાજમાન થયા હતા. સ.ગુ.શા.સ્વા. નારાયણપ્રસાદદાસજીએ માંગલિક ઉદ્‌બોધન કર્યુ હતું. ત્યારબાદ યજમાનશ્રી અને સેવાભાવી હરિભક્તોનું પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું. પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ. મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર) અને સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશ દાસજી (સાયલા) એ કર્યુ હતું. સ.ગુ.સ્વા. આનંદ સ્વરૂપદાસ અને સ્વા. હરિ પ્રસાદદાસજીએ સંહિતા પાઠનું વાચન કર્યુ હતું.

સ.ગુ.સ્વા. રામસ્વરૂપદાસ અને સ્વામી નિર્ભયજીવનદાસે રસોડાની સેવા સંભાળી હતી. ધામોધામના સંતોએ પધારી આશીર્વાદ આપ્યા હતા. ગામના દરેક ભક્તોની સેવા સુંદર રહી હતી. છેલ્લે દરેક ભક્તજનોને પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવેલ.

(શા. સ્વા. આત્મપ્રકાશદાસજી - સાયલા)

**શ્રી સ્વા. મંદિર - વાંકાનેર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી સુરેન્દ્રનગરના સાં. કમળાબા તથા કોકીલાબા અને ઉષાબાની પ્રેરણાથી વાંકાનેર શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં તા.૨૯-૩-૧૨ થી તા.૨-૪-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (મૂળી)ના વક્તાપદે થઈ હતી. સાથે સાથે ત્રિદિનાત્મક હરિયાગ અને સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. તા.૨-૪-૧૨ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. સભામાં કથાની પૂર્ણાહુતિ કરીને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર મહોત્સવના યજમાન સ્થાનિક સેવા આપતા સાં. જયાબા અને સાં. વિજયાબા રહ્યાં હતા. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળા શ્રી પણ પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા. સંહિતા પાઠમાં સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી (મૂળી) રહ્યાં હતા. સમગ્ર આયોજન મૂળીના મહંત સ્વામી શ્યામસુંદર દાસજી અને સુરેન્દ્રનગરના કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભ સ્વામીએ કર્યુ હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

### મૂળી મંદિર દ્વારા સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી મૂળી મંદિરના મહંત સ્વામી શ્યામસુંદરદાસજી અને સંત મંડળ મૂળી દેશના ગામડાઓમાં સત્સંગ પ્રવૃત્તિના વિશેષ ભાગ રૂપે ગામોગામ સત્સંગ સભાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ખારવા, રામપરા, ભદ્રેશી, શિયાણી અને લીલાપુરમાં સંતોએ કથાવાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

### રતનપર મંદિરનો ૮મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા અત્રેના વયોવૃદ્ધ સંત સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી તથા કાળુ ભગતના માર્ગદર્શનથી અને અહીંના હરિભક્તોના સાથ-સહકારથી મંદિરનો વાર્ષિક પાટોત્સવ તા.૪-૫-૧૨ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગના ઉપક્રમે વચનામૃત (૨૭૩) અધ્યયનની પંચ દિનાત્મક કથા શા-સુવ્રતસ્વરૂપદાસના વક્તાપદે થઈ હતી. તેમજ સમૂહ મહાપૂજા પણ રાખવામાં આવી હતી. આ પ્રસંગે મૂળી અને સુરેન્દ્રનગર મંદિરના સંતો પધાર્યા હતા. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યુ હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો જન્મોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં શનિવાર વિકેન્ડ સાંજના પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ દિન પ્રસંગે સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન સમૂહમાં કરવામાં આવ્યુ હતું. અત્રેના મહંત સ્વામીએ આ પ્રસંગના યજમાન સહ યજમાનનું ફુલહારથી સન્માન કર્યુ હતું. યુવા હરિભક્તોએ સુંદર નંદસંતો રચિત કીર્તન ગાઈને સૌને આનંદિત કર્યા હતા.

મહંત સ્વામી જ્ઞાન પ્રકાશદાસજીએ ધર્મકુળનું અને પ.પૂ. મોટા મહારાજશ્રીનું માહાત્મય કહ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમએ પ.પૂ. મોટા મહારાજશ્રીનો અલૌકિક સંકલ્પ આજે લાખો ભક્તોના મનને મોહી લે તેવું અદ્‌ભુત ભવ્ય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બન્યુ છે. સૌએ ઈન્ડીયા જાવ ત્યારે તેના દર્શન કરવા ખાસ ભલામણ કરી હતી. યુવાન હરિભક્તોએ સુંદર મજાની કેઈક બનાવીને પૂ. મહંત સ્વામી સાથે કેઈક કટીંગ કરી પૂ. મોટા મહારાજશ્રીના જય ના જયનાદ સાથે જન્મોત્સવ મનાવ્યો હતો. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી થયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી હરિ પ્રાકટ્યોત્સવ દિન રામનવમી તા.૧-૪-૧૨ને રવિવારે બપોરે ૧૨-૦૦ શ્રી રામજન્મોત્સવ આરતી અને રાત્રે ૧૦-૧૦ શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાકટ્યોત્સવ હજારો હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો. કીર્તન-ભક્તિ ધૂન-ભજન-રાસ આદિ થયા હતા.

૬ એપ્રિલ શુક્રવારે શ્રી હનુમાન જયંતી અન્નકૂટ આદિ કરીને ધામધૂમથી ઉજવી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ દિન પણ હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. અત્રેના મહંત શા. સ્વામી ધર્મકિશોરદાસજી હરિભક્તોને ભગવાન ભજવા માટેનું સુંદર આયોજન કરી રાજી કરે છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(હ્યુસ્ટન મંદિર, પ્રમુખશ્રી)

### વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે ૨૧ એપ્રિલ શનિવારના સાંજના ૫ થી ૯ સુધી ઈલકરીઝના ચર્ચમાં સત્સંગ સભા થઈ હતી. જેમાં ધૂન, ભજન, કીર્તન, વચનામૃત વાચન અને રામનવમી નિમિત્તે શ્રી હરિ પ્રાકટ્યોત્સવ અને પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટયોત્સવ દિન પ્રસંગે તેઓશ્રીની તસવીરનું પૂજન કરી કેઈક કાપી, ઠાકોરજીની આરતી ઉતારી સૌએ દર્શન કરી પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(કનુભાઈ પટેલ)

## ગત મે-૨૦૧૨ નો સુધારો

સંપ્રદાયના ગૌરવમાં પ.ભ. ભૂપેશભાઈ પરમારના સુપુત્રીને બદલે સુપુત્ર શ્રી ખેલન પરમારે સસ્ટેને બલ જીઓ પોલિમર કાંક્રિટ વિષય પર સંશોધન અને રિસર્ચ કર્યું છે તેમ સુધારીને વાંચવું.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૭/- કર્નલભાઈ પ્રકાશભાઈ, કાચા ટેલર્સ શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૧૦૧/- અ.નિ. માવજી હિરજી પરમાર ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧/- ગ.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧/- જગદીશ બચુલાલ પરમાર ધૂળકોટ નાઈરોબી
૧૦૧/- ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૫૦૧/- પટેલ ભાઈલાલભાઈ એ. મિહીર-પ્રિયંકાના લગ્ન પ્રસંગે. ધમાસણા
૫૦૦૧/-ટાંક અલ્પેશ ભીમજીભાઈ, ધર્મકુળ આશીર્વાદથી પુત્ર જન્મ પ્રસંગે. દુબઈ
૧૦૧/- ઠક્કર ભરતભાઈ એચ. નવી ગાડી લાવ્યા તે નિમિત્તે.અમદા.
૧૦૧/- પટેલ કુરિયનકુમાર કેશવલાલ આર્યના જન્મદિન નિમિત્તે.ઉનાવા
૧૦૦/- પટેલ રામભાઈ મોહનભાઈ શ્રીજીપ્રસન્નાર્થે અરોડા
૧૫૧/- શાહ ખુશાલીબેન કલ્પેશભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પરમાર ખોડુભાઈ શાંતિભાઈબાઈક લીધું નિમિત્તે બળોલ
૧૦૧/- સોની કિશોરભાઈ ચુનીલાલ નવું બાઈક નિમિત્તે અમદા.
૧૦૦/- જાદવ તૃપ્તિબેન જિજ્ઞેશભાઈ જન્મદિન નિમિત્તે નવા
૨૫૧/- પટેલ ધર્મિષ્ઠાબેન અરવિંદભાઈ એસ. લગ્ન પ્રસંગે.ડાંગરવા
૧૦૧/- પટેલ જયંતીભાઈ રામદાસ નૈન્સીના જન્મદિને માણસા
૧૧૧/- સોની રમેશચંદ્ર એમ. માતૃશ્રીની તર્પણ વિધિ નિમિત્તે અમદા.
૧૦૧/- પટેલ યોગેશકુમાર સાંકળચંદ નવા મકાન નિમિત્તે વિહાર
૧૦૦૧/-ભાટીયા ભીખાભાઈ એસ. ચિ. સુપુત્રી ચેતનાબેનને નોકરી અને પુત્રી આહનાના જન્મ પ્રસંગે. દિવડા કોલોની (કડાણા)
૧૫૧/- અ.નિ. ખટાણા દિલીપભાઈ લક્ષ્મણભાઈના સ્મરણાર્થે બળોલ
૧૦૦/- નયનકુમાર રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મોદી સૌજન્ય બિપીનભાઈ નવી ગાડી નિમિત્તે ચાંદખેડા
૨૦૧/- પટેલ વિષ્ણુભાઈ બેચરદાસ પુત્ર જન્મ પ્રસંગે વિહાર
૧૫૧/- શેઠ પલ્લવી યોગેશભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૫૦૦/- પટેલ શશીભાઈ-ફેનિલ અને એરિકાના લગ્ન પ્રસંગે મુંબઈ
૫૦૦/- પટેલ શશીભાઈ - હિરેન અને ચિરાગના લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૧/- ચાવડા શૈલેષભાઈ સવજીભાઈ લગ્ન પ્રસંગે સુરત
૧૫૧/- ગૌદાની કાજલ રમેશભાઈ યુ.કે. પ્રવાસ નિમિત્તે વેળાવદર
૧૦૧/- ગૌદાની રમેશભાઈ મગનભાઈ નવી ગાડીનિમિત્તે વેળાવદર
૧૦૧/- ગૌદાની રમેશભાઈ બાવાભાઈ ના સ્મરણાર્થે વેળાવદર
૧૦૦/- પટેલ વીણાબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૫૦૦/- પટેલ વિપુલકુમાર જયંતીભાઈ વિઝા નિમિત્તે. અજરાપુરા
૫૦૦/- ત્રિવેદી સૌરભભાઈ જી. શ્રીજી પ્રસન્નાર્થે ઑસ્ટ્રેલિયા
૫૦૦/- ત્રિવેદી ઘનશ્યામભાઈ એમ. શ્રી ન.ના.દેવ પ્રસન્નાર્થે ગાંધીનગર.
૧૦૧/- સોની સાન્વી અલ્પેશભાઈ પુત્રીના જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ ગોવિંદભાઈ નારણદાસ સત્યમ અને દિપીકાને કેનેડાના પી. આર. નિમિત્ત માણેકપુરા
૧૦૧/- પટેલ દિપેન ભૂપેન્દ્રભાઈ બી ફાર્મ થયા તે નિમિત્તે અસલાલી
૧૦૧/- રાબડીયા નિકુંજ ડી. સેમી.માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે. અમદા.
૫૦૧/- અ.નિ. સૂરજબેન લાલભાઈ શંકરભાઈ પટેલ (માજી મેમ્બરશ્રીના ધર્મપત્નિ) ના સ્મરણાર્થે સાબરમતી
૧૦૧/- ભાવસાર ભાવેશ સુરેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ વીણાબેન મનુભાઈ જન્મદિન નિમિત્તે દહેગામ
૧૦૧/- પટેલ હર્ષ અલ્કેશભાઈ જન્મદિન નિમિત્તે દહેગામ
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ પુણ્યતિથિ દહેગામ
૨૦૧/- પટેલ સુમનભાઈ રમણભાઈ નવી ગાડી નિમિત્તે અમદા.
૧૧૦/- પટેલ વિઠ્ઠલભાઈ મોતીદાસ શ્રીજી પ્રસન્નાથે વાગોસણા
૨૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે ન્યુ રાણીપ
૨૦૦/- પટેલ ડાહ્યાભાઈ પી. - અનુજ ધો.-૫ પાસ નિમિત્તે ન્યુ રાણીપ
૯૦૧/- પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ અ.નિ. હર્ષિલ રાજેશભાઈના સ્મર્ણાર્થે લસુન્દ્રા
૧૦૧/- પટેલ તીર્થ દિક્ષીતભાઈ પ્રથમ નંબરે પાસ નિમિત્તે લસુન્દ્રા
૫૦૧/- વ્રજેન ભરત મારવી જન્મદિન નિમિત્તે જીરાગઢ
૫૦૧/- પટેલ કરિશ્મા પ્રવિણકુમાર પ્રથમ પગાર નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પ્રવિણભાઈ સોમાભાઈ જે. નવો ફ્લેટ નિમિત્તે વિહાર
૧૦૧/- પટેલ સોમાભાઈ જેસંગભાઈ શ્રીજી સ્મર્ણાર્થે વિહાર
૧૫૧/- ગાંગાણી મનીષભાઈ જી.ને ત્યાં સમર્થના જન્મ પ્રસંગે.સુરત
૧૦૧/- દેસાઈ ધર્મેશ અનીલભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ચૌધરી આસ્થાબેન મહેશભાઈ જન્મ પ્રસંગે બાલવા
૫૦૦/- પટેલ રાજેશકુમાર રવજીભાઈ ડા. કન્ટ્રોલ સિસ્ટમના ઉદ્‌ઘાટન તથા ચિ. વિદ્યાના જન્મદિને. અમદાવાદ
૧૦૦/- પટેલ સંગીતાબેન મહેન્દ્રકુમાર ઓપરેશન નિમિત્તેઆનંદપુરા
૨૦૧/- સ્નેહલ ગીરીશભાઈ કે. પટેલ જૈનિલના જન્મ પ્રસંગે નાંદોલ
૧૦૦/- હર્ષદભાઈ હરિભાઈ પટેલ વિરાજના જન્મ પ્રસંગે નાંદોલ
૧૧૧/- અ.નિ. ચંચળબેન રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ ધીરૂભાઈ છગનભાઈ શ્રીજી પ્રસન્નાથે આકરૂંદ
૧૦૧/- પિયુષભાઈ ચિમનલાલ મકાનના વાસ્તુ પ્રસંગે બાલાસિનોર
૧૦૫/- પટેલ કાંતિભાઈ કાલીદાસ ધર્માદો નિમિત્તે
૫૦૧/- પટેલ વ્રજેન્દ્ર વિપુલભાઈ જન્મદિન પ્રસંગે કલોલ
૫૦૧/- પટેલ કુશ રજનીકાન્ત જન્મદિન પ્રસંગે આંબલીયાસણ
૧૦૦/- ચૌહાણ પ્રભાતસિંહ જી. રૂદ્રરાજની બાબરી નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- શંકરસિંહ કાળુસિંહ જીતેન્દ્રસિંહને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે ભુંડીયા
૧૫૧/- પટેલ મહેન્દ્રભાઈ સી. હર્ષિલ, દેવ પાસ થયા નિમિત્તે આનંદપુરા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૨૦૦/- પટેલ માધવલાલ મગનદાસ ગાડી લાવ્યા તે નિમિત્તે રાણીપ
૧૦૦/- પટેલ અજયકુમાર વિષ્ણુભાઈ નવું બાઈક નિમિત્તે અમદા.
૩૦૦/- ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે વૈશાલી ભાવસાર અમદા.
૧૫૧/- પટેલ સુરેશભાઈ શાંતિલાલ બ્રિજેશના લગ્ન પ્રસંગે ડાંગરવા
૫૦૧/- જોશી દેવાંગીબેન આર. ધો-૧૧માં પાસ થયા તે નિમિત્તે બાયડ
૫૦૦/- રસિકભાઈ ભગત ભાર્ગવના જન્મદિન પ્રસંગે ગોવિંદપુરા-વેડા
૫૦૧/- પટેલ અનીતાબેન સંજયકુમાર લગ્ન તિથિ નિમિત્તે સાબરમતી
૧૦૧/- પટેલ વિરાટ રમણભાઈ પ્રમોશન નિમિત્તે. સાબરમતી
૧૦૧/- ગજ્જર મનીષભાઈ બી. બાળકોના અભ્યાસ નિમિત્તે શેરથા
૨૦૧/- મોરી જનકભાઈ એન.પાયલ તથા ડિમ્પલના લગ્ન પ્રસંગે કાલીયાણા
૨૦૦/- પુરોહિત પ્રેમજીભાઈ કાશીરામ નવી ગાડી નિમિત્તે રાધનપુર
૧૦૧/- પટેલ શ્રેયા કેતનભાઈ જન્મદિન નિમિત્તે નરોડા
૨૫૧/- ચૌહાણ ચુનીલાલ રણછોડભાઈ ૨૫માં જન્મદિન નિમિત્તે અમદા.
૨૫૧/- મકવાણા હેમાંગભાઈ કિરીટભાઈ ગાડી લીધી નિમિત્તે વાપી
૨૦૦/- પટેલ કમલેશ મણીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ન્યુજર્સી
૫૦૧/- ડૉ. આલોક ગજ્જર સ્પંદન હોસ્પિટલને ૧વર્ષ થયું નિમિત્તે અમદા.
૨૫૧/- રાઓલ વિશ્વજીતસિંહ રાજેન્દ્રસિંહ જન્મદિન નિમિત્તે ઘોડાસર
૩૦૦૦/- રાઠોડ મુકેશભાઈ મનસુખભાઈ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને ધર્મકુળના આશીર્વાદથી નોકરી મળી તે નિમિત્તે ધુળકોટ
૧૫૧/- પટેલ દેવેશકુમાર જગદીશભાઈ જન્મદિન નિમિત્તે સોજા
૧૫૧/- પટેલ પરસોત્તમદાસ એમ. સતીષના સગપણ પ્રસંગે સોજા
૧૦૧/- પટેલ વિનોદભાઈ વિષ્ણુભાઈપુત્રીના જન્મ પ્રસંગે માણેકપુર
૨૫૧/- રોહન - કલ્યાણ અમિત ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૧૦૦/- પટેલ પરસોત્તમદાસ હરજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૦/- પટેલ મંગુબેન પરસોત્તમદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ

૧૦૦/- સોરઠીયા હરિકૃષ્ણ એસ. ધો-૩ માં ૯૭% નિમિત્ત અમદા.
૧૦૧/- પટેલ હરિભાઈ કેશવલાલ પૌત્ર વત્સના જન્મદિને અમદા.
૧૦૧/- જાદવ અરૂણાબેન કે. છપૈયા યાત્રા નિમિત્તે માલણપુર
૨૫૧/- જાકાસણીયા સવિતાબેન અમૃતભાઈ મોરબી
૧૦૧/- અજમલભાઈ હર્ષાબેન-મંથન છપૈયા યાત્રા નિમિત્તે વઘાડા
૨૫૧/- પાનેસરીયા રસિકભાઈ હાર્દિક તથા ભૂમિના લગ્ન પ્રસંગે અમદા.
૧૦૧/- મોરી જીવાભાઈ એમ. છપૈયા યાત્રા નિમિત્તે ડેડીયાસણ
૧૦૧/- પટેલ વિશાલ રમણભાઈ જન્મદિન નિમિત્તે નરોડા
૧૧૧/- ચાવડા નવદિપ કૌશિકભાઈ નવું લીધું તે નિમિત્તે અમદા.
૧૦૧/- પટેલ દિપેન પ્રવિણભાઈ સારા અભ્યાસાર્થે અમદાવાદ
૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ ભાવનાના લગ્ન પ્રસંગે વિહાર
૧૦૦૧/-પટેલ મહેશભાઈ નંદુભાઈ નવી ગાડી નિમિત્તે અડાલજ
૧૦૦/- પટેલ અનંતિકાબેન ચંદ્રેશભાઈ લગ્ન તિથિ નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ શિરાલીબેન ચંદ્રેશકુમાર, જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ વેદાંત ઘનશ્યામભાઈ જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૧/- ચૌહાણ લીના નાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૨૦૧/- ભાવસાર નિયમ હર્ષદકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ટાંક નરસીભાઈ પી. અશ્વિનના લગ્ન પ્રસંગે ધુળકોટ
૧૦૧/- રામપરીયા દયાળજીભાઈ ડી.જીનલના લગ્ન પ્રસંગે સુરત
૨૦૧/- પટેલ લલીતાબેન કમલેશભાઈ નોકરી મળી નિમિત્તે જેતલપુર
૧૦૦/- પટેલ પશાભાઈ શંકરભાઈ નવા ઘર નિમિત્તે ઉનાવા
૨૫૧/- પટેલ દિપક રસિકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ફાગણ વદ-૬ | રાબડીયા ભીમજી મનજી હ. જે. પી. સ્વામી (કાજુ-બદામ-મૈસુબ) | અમદાવાદ |
| ફાગણ વદ-૮ | દવે કનૈયાલાલ કે. (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૮ | સોની હસમુખભાઈ કાનજીભાઈ (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૮ | ભીમજીભાઈ હરજી (મોહનથાળ) | ફોટડી (કચ્છ) |
| ફાગણ વદ-૯ | પટેલ શાંતિલાલ મનસુખભાઈ (મગશ) | ગોઠીબ |
| ફાગણ વદ-૯ | સોની કનૈયાલાલ દેવચંદભાઈ (દુધપાક-માલપુવા) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૦ | વેકરીયા ઉમેશ ગોપાલનારાયણ - હ. પૂ. મહંત સ્વામી (મગશ) | બળદીયા (કચ્છ) |
| ફાગણ વદ-૧૦ | પટેલ રીચાબેન રમેશભાઈ -હ. પ.ભ. દશરથભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) (દુધપાક-માલપુવા) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૦ | અ.નિ. શોભાબેન જાદવભાઈ (મગશ) | જસદણ |
| ફાગણ વદ-૧૦ | પટેલ શિરીષભાઈ હરમાનભાઈ (દુધપાક-પુરી) | આણંદ |
| ફાગણ વદ-૧૦ | સાવલીયા લાલજીભાઈ નારણભાઈ (મોહનથાળ) | બાપુનગર |
| ફાગણ વદ-૧૦ | પી. કે. પટેલ (રૂખીબેન) (ચુરમાના લાડુ) | હિંમતનગર |
| ફાગણ વદ-૧૨ | દરજી પ્રિતેશ હરિભાઈ - હ. જે. પી. સ્વામી (માલપુવા) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૨ | અ.નિ. શોભનાબેન જાદવભાઈ - છાયાણી (બુંદીના લાડુ) | જસદણ |
| ફાગણ વદ-૧૨ | કાંતિલાલ ગોવિંદભાઈ (મગશ) | ઝુંડાલ |
| ફાગણ વદ-૧૨ | માવજીભાઈ રત્ના - હ. અમરબાઈ (મગશ) | સુરજપર (કચ્છ) |
| ફાગણ વદ-૧૨ | માંડાણી રવજી નારણ (મગશ) | બળદીયા (કચ્છ) |
| ફાગણ વદ-૧૨ | અ.નિ. રવજી નારણ માંડાણી (મગશ) | બળદીયા (કચ્છ) |
| ફાગણ વદ-૧૩ | અ.નિ. કાંતિભાઈ રેવીદાસ આંગડીયા - હ. દેવ સ્વામી (નારાયણઘાટ) (મોહનથાળ) | વિહારવાળા |
| ફાગણ વદ-૩૦ | પટેલ આનંદીબેન કૌશિકભાઈ (મોહનથાળ) | કણભા |
| ચૈત્ર સુદ-૧ | પરષોત્તમભાઈ પટેલ (મૈસુબ) | રાજકોટ |
| ચૈત્ર સુદ-૨ | પુરોહિત પ્રેમજીભાઈ કાશીરામ(મોતૈયા) | રાધનપુર |
| ચૈત્ર સુદ-૩ | નનુભાઈ રણછોડભાઈ સુહાગીયા (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૪ | રવજી હરજી રાબડીયા (મગશ) | કચ્છ |
| ચૈત્ર સુદ-૫ | અ.નિ.સાં.યો. ગોદાવરીબા (મોહનથાળ) | બિલીયા |
| ચૈત્ર સુદ-૬ | કાનજી વાલજી ભુડીયા (ચુરમાના લાડુ) | સુખપુર |
| ચૈત્ર સુદ-૮ | અ.નિ. કાન્તાબેન ખીમજીભાઈ હ. પ.ભ. રતીભાઈ ટ્રસ્ટીશ્રી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૮ | શીવજીભાઈ રત્નાભાઈ (ચુરમાના લાડુ) | સુખપુર |
| ચૈત્ર સુદ-૧૦ | જીવરાજપાર્ક સત્સંગ મહિલા મંડળ - હ. રજનીભાઈ (બુંદીના લાડુ) | જીવરાજપાર્ક |
| ચૈત્ર સુદ-૧૦ | વિશ્રામકરશન હિરાણી (બુંદીના લાડુ) | સુખપુર |
| ચૈત્ર સુદ-૧૦ | શામજીભાઈ પરિવાર (ચુરમાના લાડુ) | ગોડપર |
| ચૈત્ર સુદ-૧૨ | ભક્તિબેન ધર્મેન્દ્રભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૨ | પુરબાઈ હરજી હિરાણી (મોહનથાળ) | માંડવી |

# આપણી કેળવણી સંસ્થાના સમાચાર

## ટર્ફ સ્કુલ - ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત (શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન) ટર્ફ સ્કુલનું આ વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ૧૦૦ ટકા આવ્યુ છે. છેલ્લા ત્રણ વર્ષથી ૧૦૦ ટકા પરિણામ આવે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી ટર્ફ સ્કુલની આવી સુંદર પ્રગતિના ગૌરવપદ સમાચાર જાણીને ખૂબજ રાજી થઈ ટર્ફ સ્કુલની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

(પ્રિન્સીપાલશ્રી, ટર્ફ સ્કુલ - નારણપુરા - અમદાવાદ)

### નીચેના મહા મંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com

મહેસાણા : www.mahesanadarshan.org

છપૈયા : www.chhapaiya.com

ટોરડા : www.gopallalji.com

નારણઘાટ : www.narayanghat.com

### અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**ભાઉપુરા :** શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના અનન્ય નિષ્ઠાવાન પ.ભ. લાલજીભાઈ ગણેશભાઈ પટેલના ભાઈ પ.ભ. રામભાઈ ગણેશભાઈ પટેલ તા.૧-૫-૨૦૧૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (સાબરમતી) :** પ.ભ. લાલભાઈ શંકરભાઈ પટેલ (ધમાસણાવાળા માજી ટ્રસ્ટીશ્રી) ના ધર્મપત્ની અ.સૌ. સૂરજબેન લાલભાઈ પટેલ તા.૨૨-૪-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વિસતપુરા (કડી) :** શ્રી કનુભાઈ તથા કીર્તિભાઈના પિતાશ્રી પ.ભ. પટેલ ઓધવજીભાઈ જેરામભાઈ તા.૨૮-૧-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધ્રાંગધ્રા :** પ.ભ. પ્રેમજીભાઈ ભલાભાઈ દલવાડી (ઉ. ૭૫ વર્ષ) તા. ૧૬-૫-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કલોલ (મૂળ ગામ- દેલવાડા) :** આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના પ્રતિનિધિ અને શ્રીનરનારાયણદેવ અને ધર્મકુળના નિષ્ઠાવાન પ.ભ. મણીભાઈ (ખાંડવાળા)ના નાના ભાઈ પ.ભ. ઈશ્વરભાઈ જીવરામદાસ પટેલ (ઉ. વર્ષ ૭૨) તા.૨૯-૪-૧૨ ને રવિવારના રોજ શ્રી હરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધ્રાંગધ્રા :** પ.ભ. જતીનભાઈ ઠક્કર (લાલાભાઈ)ના માતૃશ્રી રંજનબેન તા.૨૩-૫-૧૨ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.